# શિક્ષક તાલીમનું સાહિત્ય

# અસરકારક વર્ગવ્યવહાર

# હકારાત્મક વલણ

## ધોરણ : ૧ થી ૭

**વિષયવસ્તુ સંકલન :**

GCERT

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
'વિદ્યાભવન', ઘ-૪ સર્કલ પાસે,
સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૨
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨

**પ્રકાશક**

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**સર્વ શિક્ષા અભિયાન મિશન**
ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨ ૩૪૯૩૯, ૩૫૦૬૯
ફેક્સ : (૦૭૯) ૨૩૨ ૩૨૪૩૬

**એપ્રિલ ૨૦૧૦**

# પ્રસ્તાવના

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અસરકારક વર્ગવ્યવહાર | ૫-૧૦ |
| ૨. | રસ અને ધ્યાન | ૧૧-૧૯ |
| ૩. | માનવીય સંબંધો | ૨૦-૩૫ |
| ૪. | વ્યવસાયિક સજ્જતા | ૩૬-૩૮ |
| ૫. | શિક્ષકની ભૂમિકા અને જવાબદારી | ૩૯-૪૦ |
| ૬. | હકારાત્મક વલણ | ૪૧-૫૬ |

# અસરકારક વર્ગવ્યવહાર

**પ્રસ્તાવના :**

બાળકમાં તંદુરસ્ત માનવસંબંધો સ્થાપવા અને આદર્શ નાગરિકત્વના ઘડતર માટે વર્ગવ્યવહાર ખૂબ જરૂરી છે. વર્ગશિક્ષણની પ્રક્રિયા એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. એક બાજુ શિક્ષક અને બીજી બાજુ વિદ્યાર્થી હોય છે. બંને વચ્ચે ૩૫થી ૪૦ મિનિટના સમયગાળા દરમિયાન શાબ્દિક-અશાબ્દિક વ્યવહારો જન્મતા હોય છે. વર્ગની આ બધી ઘટનાઓમાંથી વર્ગખંડનું હવામાન Classroom Climate બંધાય છે. જીવન અને શિક્ષણની સાચી સમજ શિક્ષક વર્ગખંડના વ્યવહારથી વિદ્યાર્થીઓને આપે છે. અસરકારક પ્રત્યાયન તથા મુક્ત પર્યાવરણમાં અધ્યયન અનુભવો પૂરા પાડવાથી વર્ગવ્યવહાર અસરકારક બને છે.

**સંકલ્પના :**

- શિક્ષણપ્રક્રિયાનો નાનો અંશ કે ભાગ તે વર્ગવ્યવહાર. (શિક્ષણ વ્યવહાર)
- વર્ગવ્યવહાર એટલે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વર્ગખંડમાં થતો શાબ્દિક, અશાબ્દિક વ્યવહાર
- વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતી આદાનપ્રદાનની પ્રક્રિયાઓ એટલે વર્ગવ્યવહાર. (શિક્ષણ વ્યવહાર)

આમ, કોઈપણ સ્થળે વિદ્યાર્થીઓના ચોક્કસ જૂથને કોઈ એક વિષય શીખવતી વખતે શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે થતી વિચાર અને વર્તનની આદાનપ્રદાનની ક્રિયા એટલે વર્ગવ્યવહાર. (શિક્ષણ વ્યવહાર)

**પ્રયોગ :**

સાધનો : કાચના ગ્લાસ, થાળી, દૂધ

- **સોપાન–૧ :** એક થાળીમાં ગ્લાસને ઊંધો મૂકો. અને તેના ઉપર દૂધ રેડો. શું થાય છે તે જુઓ.
- **સોપાન–૨ :** પાત્રને સીધું મૂકો. (એ પાત્ર નીચેથી કાણાવાળું છે.) હવે તેમાં દૂધની ધાર ઝડપથી કરો. અવલોકન કરો.
- **સોપાન–૩ :** ૫૦૦ ગ્રામ દૂધ સમાય તેટલું પાત્ર લો, હવે તેમાં ૧ લિટર દૂધ રેડો તો શું થશે, તે નિહાળો.


પાત્ર સીધું, સાજું અને મોટું પણ હોય તોપણ જો એ કટાયેલું ગંદું એંઠું હોય તો એમાં દૂધ સમાય તો ખરું પણ થોડી જ વારમાં બગડી જાય, અને પીવા જેવું ન રહે.

આ રૂપક વિદ્યાર્થીની બુદ્ધિને લાગુ પાડવાની જરૂર છે. આપણા વિદ્યાર્થીઓની બુદ્ધિનું પાત્ર પ્રથમ તો ઊંધું હોય છે. તેમાં જ્ઞાનરૂપી દૂધ જતું જ નથી. એને જ કહેવાય કે સમજ પડતી નથી. આપણે એમને ખૂબ ભણાવીએ છીએ તે ખૂબ વાંચે છે, લખે છે પણ બધું ઊંધા પાત્ર પર દૂધ રેડવા બરાબર છે. સમય, પૈસા, શક્તિ બધું ખર્ચવા છતાં વિદ્યાર્થીઓ, જ્ઞાનની બાબતમાં ત્યાંના ત્યાં જ રહે છે. કેટલાક વિદ્યાર્થીઓનું બુદ્ધિપાત્ર કદાચ સીધું હોય છે. તેમને શિક્ષક જ્યારે સમજાવે છે ત્યારે સમજાય છે પરંતુ પછી બધું વહી જાય છે. 'એક કાનમાંથી અંદર જાયને બીજા કાનમાંથી બહાર નીકળી જાય' આને જ કહેવાય કે તેની જ્ઞાન ધારણ કરી રાખવાની શક્તિ નથી. કેટલાક વિદ્યાર્થીઓમાં ધારણાશક્તિ હોય છે, પણ તેમનું બુદ્ધિનું પાત્ર બહુ નાનું હોય છે. એટલે તેમાં થોડુંક જ્ઞાન સમાય છે. થોડુંક વધુ થતાં તે બધું ઉપરથી પસાર થઈ જાય છે.

## વર્ગવ્યવહારના ઘટકો

મિશિગન સ્ટેટ યુનિ.ના પ્રોફેસર નેડ ફ્લેન્ડર્સે શિક્ષણ માટેના વર્ગવ્યવહારના ૧૦ ઘટકો નીચે મુજબ આપ્યા છે.

**❒ વર્ગ-વ્યવહારના ભાગો :**




**૧. લાગણી-સ્વીકાર :**

વિદ્યાર્થીઓની લાગણીને નમ્રતાથી સ્વીકારી, આ લાગણીઓ હકારાત્મક કે નકારાત્મક અથવા સુખદ કે દુ:ખદ હોય તે અનુરૂપ સહજ રીતે શિક્ષણકાર્ય કરવું.

**૨. વખાણ યા પ્રોત્સાહન :**

સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સામેલગીરી (Involvment) વધે તે માટે વિદ્યાર્થીઓનાં કાર્યોને બિરદાવવાં. શાબ્દિક અને અશાબ્દિક હકારાત્મક સુદઢકો વાપરીને વિદ્યાર્થીઓને વર્ગશિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

**૩. વિદ્યાર્થી વિચારનો સ્વીકાર કે ઉપયોગ :**

શિક્ષકે વિદ્યાર્થીઓએ રજૂ કરેલ વિચારને સ્વીકારી તેને વધુ સ્પષ્ટ અને વધુ સમૃદ્ધ બનાવવો જોઈએ.

**૪. પ્રશ્નો પૂછવા :**

વિદ્યાર્થીઓને સક્રિય રાખવા વિષયવસ્તુ અંગે શિક્ષકે વારંવાર પ્રશ્નો પૂછવા જોઈએ.

**૫. વ્યાખ્યાન કે પ્રવચન :**

વિષયવસ્તુની સંકલ્પનાઓ, બાબતો, નિયમો, સત્યો સમજાવવા શિક્ષક અભિપ્રાયો આપે, વિચારો રજૂ કરે તથા ઉદાહરણો આપી વિષયવસ્તુને સ્પષ્ટ કરતાં કથન કરે છે.

## ૬. સૂચના આપવી :

શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને સૂચનાઓ, હુકમો કે આજ્ઞાઓ આપે છે.

## ૭. ટીકા કરવી કે સત્તા સ્થાપિત કરવી :

વિદ્યાર્થી વર્તનનાં અસ્વીકૃત મૂલ્યોની ટીકા કરી તેને સ્વીકૃત મૂલ્ય તરફ દોરી જવાની આ સહેતુક ક્રિયા છે. શિક્ષક વિદ્યાર્થીને ધૂત્કારે તેથી તે વર્ગ-વ્યવહારમાં ભાગ લેવા હતોત્સાહ બને છે.

## ૮. વિદ્યાર્થી જવાબ આપે :

શિક્ષકે પૂછેલા પ્રશ્નોના જવાબો વિદ્યાર્થી આપે. વર્ગશિક્ષણ દરમિયાન શિક્ષક વચ્ચે પ્રશ્નો પૂછે છે, વિદ્યાર્થી જવાબ આપે છે.

## ૯. વિદ્યાર્થીની પહેલ :

વર્ગમાં ક્ષમતા વિકાસની રજૂઆત વખતે વિદ્યાર્થી પોતે જ કોઈ મુદ્દો રજૂ કરવાની પહેલ કરે. વિદ્યાર્થીઓને પૂછવામાં આવતાં તેઓ બોલવા ઇચ્છતા હતા. અથવા તેઓ બોલે તેવી ઇચ્છા હતી તો આ ઘટકનો ઉપયોગ થયો ગણાય.

## ૧૦. શાંતિ કે મૂંઝવણની સ્થિતિ :

શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન કેટલીક વખત હેતુપૂર્વક વિરામ કરતા હોય છે, જે સમયગાળાને વિદ્યાર્થીઓ સ્પષ્ટપણે સમજી શકતા નથી.

## ❐ પ્રોત્સાહન કે વખાણ – On air

શાબ્દિક – અશાબ્દિક સુદૃઢીકરણ કૌશલ્ય
(માઇક્રોટીચિંગ – સ્લાઇડ)

## ❐ પ્રશ્નો પૂછવા – On air

પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય
(માઇક્રોટીચિંગ – સ્લાઇડ)

## વર્ગવ્યવહારને અસરકારક બનાવતાં પરિબળો

- શિક્ષકે વર્ગખંડમાં જતાં પહેલાં સજ્જતા કેળવી લેવી જોઈએ.
- વર્ગખંડનાં બધાં જ બાળકોને દરેક પ્રવૃત્તિમાં સામેલ કરવાં.
- અસરકારક પ્રત્યાયન તથા અધ્યયન અનુભવો પૂરા પાડવા.
- વર્ગખંડનાં બધાં જ બાળકો પ્રત્યે સમાનતાની દૃષ્ટિ રાખવી, દરેક બાળક ઉપર વ્યક્તિગત ધ્યાન આપવું.
- શિક્ષકની વાણી કર્ણપ્રિય, મીઠી, મધુર, સૌમ્ય, સ્પષ્ટ, સચોટ, ઉચ્ચાર શુદ્ધ, યોગ્ય આરોહ-અવરોહવાળી તથા વિવેકપૂર્ણ હોવી જોઈએ.

- શિક્ષકના સભ્ય વર્તન અને સદ્ગુણોની છાપ વિદ્યાર્થીઓના માનસને સ્પર્શતી હોવી જોઈએ.
- પ્રસન્ન ચિત્તે તથા સ્મિતવદને વર્ગમાં પ્રવેશ કરવો.
- શૈક્ષણિક સાધનોની સ્થિતિ તપાસી લેવી, પાઠ્યપુસ્તક, ચોક, ડસ્ટર, શૈક્ષણિક ઉપકરણો અને દર્શક દંડ લઈને જ વર્ગમાં જવું.
- વિષય અને એકમને અનુરૂપ સંદર્ભસાહિત્યનો અગાઉથી અભ્યાસ કરવો.
- એકમ અંગે મૂંઝવણ કે અસ્પષ્ટતા હોય તો સાથી મિત્રો સાથે પરામર્શન કરીને તેમની પાસેથી સમજ મેળવી લેવી.
- What to Teach, why to Teach and How to Teach – તે બાબતો અંગે અગાઉથી વિચારણા કરવી.
- એકમના વિષયવસ્તુને આત્મસાત્ કરવું.
- વિદ્યાર્થીઓને પૂછવાના પ્રશ્નો અંગે વિચારણા કરવી.

## આટલું તો કરીશ જ

- બધાં બાળકોને સમાનભાવે જોઈશ.
- વર્ગખંડમાં ગુણવત્તાસભર શિક્ષણકાર્ય કરીશ.
- વર્ગખંડમાં બાળકોને સ્વઅધ્યયનની તકો પૂરી પાડવાનું ધ્યાન રાખીશ.
- બાળકોની સુષુપ્ત શક્તિઓ ઓળખીને તેમને વિકસાવવાની તકો પૂરી પાડીશ.
- હકારાત્મક શાબ્દિક – અશાબ્દિક સુદઢકોનો ઉપયોગ કરીશ.
- બાળકોમાં રાષ્ટ્રભાવના અને જીવનમૂલ્યો દઢ બનાવવા કાળજી રાખીશ.
- બાળકોનો સર્વાંગીણ વિકાસ થાય તેવા પ્રયત્નો કરીશ.
- વર્ગખંડમાં બાળકોને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં સતત જકડી રાખીશ.
- વર્ગખંડ અધ્યાપનકાર્યમાં મુક્તશિસ્તનો આગ્રહ રાખીશ.
- બાળકોની મુશ્કેલીઓ સમજવાનો પ્રયત્ન કરવા હું પૂરતું ધ્યાન આપીશ.
- બાળકોનાં નામ અને કુટુંબથી બને તેટલાં પહેલાં પરિચિત થઈ, બાળકને નામથી જ બોલાવીશ.
- બાળક સાથે બાળક બની, સંકોચ છોડી અભિનય કરીએ. નાટક ભજવીએ, રમત રમીએ, નાસ્તો કરીએ.

## પરિસ્થિતિ OFF air

- કુલદીપ શાળામાં મોડો આવે છે તો તમે તેની સાથે કઈ રીતે વાતચીત કરશો ?
- ધોરણ-૬માં ભણતી કૃપા પરીક્ષામાં ચોરી કરે છે, અને પકડાઈ જાય છે ત્યારે શિક્ષક તરીકે શું કરશો ?
- વિધિ વર્ગખંડમાં અધ્યાપનકાર્ય વખતે ધ્યાન આપતી નથી, તો તમે શું કરશો ?
- શ્રદ્ધા ગૃહકાર્ય લાવી નથી.
- મોહન શાળાની દીવાલો પર લીટા કરે છે અને તમે જુઓ છો.
- રીટા વિશ્રાંતિના સમયમાં મારામારી કરે છે.
- રોનક બીજાનો નાસ્તો ખાઈ જાય છે.
- રાહુલ શાળાબગીચાના ફૂલછોડને નુકસાન કરે છે.
- મનીષ વર્ગમાં સૂનમૂન થઈને બેઠો છે.
- સુરેશ વર્ગમાં બેસીને બીજા વિદ્યાર્થીઓને અડપલાં કરે છે.
- શિક્ષક ભણાવે છે ત્યારે પંકજ કાગળનાં રૉકેટ બનાવીને એકબીજાને મારે છે.
- કિરણ શિક્ષણકાર્ય દરમિયાન પોતાની નોટબુકમાં ચિત્ર દોર્યા કરે છે.
- બંસરી શાળામાં આવતી નથી.
- કેતકી વર્ગમાં ધ્યાન આપતી નથી.

### ચર્ચા કરી યાદી બનાવો :

૧. શિક્ષક સજ્જતા માટે આવશ્યક બાબતો.

૨. વિષયવસ્તુ સજ્જતા માટે સંદર્ભ સાહિત્યની અગત્ય.

૩. વર્ગખંડ શિક્ષણમાં સમાનતા

૪. વર્ગખંડ વ્યવહાર અને શિક્ષણ ગુણવત્તા.

૫. અસરકારક વર્ગખંડ વ્યવહારને અસર કરતાં પરિબળો.

૬. વૈયક્તિ ભિન્નતા અને શીખવાની પ્રક્રિયાનો સંબંધ

૭. અસરકારક અધ્યયન પ્રક્રિયા અને તેનું મહત્ત્વ

# ચાલો આપણે સ્વયં પ્રતિબિંબ જોઈએ OFF Air

| ક્રમ | વિધાન | હા | ના |
|---|---|---|---|
| ૧. | હું દરેક વિદ્યાર્થીને સામેલ રાખી પ્રવૃત્તિ કરાવું છું. | | |
| ૨. | કોઈ વિદ્યાર્થી નુકસાન કરે કે કંઈક ખોટું કરે તો તેને બધાની વચ્ચે બોલું છું. | | |
| ૩. | હું વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરાવતી વખતે ક્યારેય મુખ પર હાસ્ય લાવતો નથી. | | |
| ૪. | આત્મવિશ્વાસપૂર્વક શિક્ષણકાર્ય કરાવું છું. | | |
| ૫. | દરેક વિદ્યાર્થીને પ્રશ્ન પૂછું છું. | | |
| ૬. | વિદ્યાર્થી સારું કાર્ય કરે કે પ્રશ્નનો સાચો જવાબ આપે ત્યારે તેને પ્રોત્સાહન આપું છું. | | |
| ૭. | વિદ્યાર્થીના જન્મદિવસે શુભેચ્છા પાઠવું છું. | | |
| ૮. | વિદ્યાર્થી પ્રવૃત્તિમાં પહેલ કરે ત્યારે તેને પ્રોત્સાહિત કરું છું. | | |
| ૯. | વિદ્યાર્થીની લાગણીને સમજવા પ્રયત્ન કરું છું. | | |
| ૧૦. | વિદ્યાર્થીને ગમેતેવાં ઉપનામ આપીને બોલાવું છું. | | |
| ૧૧. | શિક્ષણકાર્ય વખતે બોલવામાં આરોહ-અવરોહ લઉં છું. | | |
| ૧૨. | વિદ્યાર્થીઓ સાથે પ્રેમભાવપૂર્વકનું વર્તન રાખું છું. | | |
| ૧૩. | વિદ્યાર્થીઓ મારી હાજરીથી ખુશી અનુભવે છે. | | |
| ૧૪. | હું (TLM) અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરીને શૈક્ષણિક કાર્ય કરાવું છું. | | |
| ૧૫. | મારા વિષયમાં બાળકોને રસ પડે છે. | | |
| ૧૬. | હું પ્રવૃત્તિની રચના માટે વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખું છું. | | |
| ૧૭. | મારા વર્ગનાં બાળકો શાળા સમય પહેલાં હાજર થઈ જાય છે. | | |
| ૧૮. | હું શાબ્દિક અશાબ્દિક સુદૃઢકોનો કૌશલ્યનો ઉપયોગ કરું છું. | | |
| ૧૯. | હું મારા વર્ગની શરૂઆત ખૂબ ઝડપથી અને અસરકારક રીતે હાજરી પૂરીને કરું છું. | | |
| ૨૦. | વિદ્યાર્થીઓ મારી ગેરહાજરીથી ખુશી અનુભવે છે. | | |

| | **સ્કોરશીટ** |
|---|---|
| ૧૮ + | અભિનંદન !! તમે માર્ગદર્શક છો. |
| ૧૫ + ૧૮ | સરસ !! તમે નિપુણ શિક્ષક છો. |
| ૧૨ + ૨૬ | તમે સારું કરી શકશો ! |
| ૯ થી ઓછા | તમને મદદની જરૂર છે ! |

૧. શ્રી દિનેશભાઈ એસ. ભાભોર, વ્યાખ્યાતા, ડાયેટ, દાહોદ
૨. શ્રી એમ. એ. શેખ, વ્યાખ્યાતા, ડાયેટ, કઠલાલ

**સૂચના : વિધાન નંબર 2, 3, 10માં 'ના' હોય તો દરેકનો 1 ગુણ અને બાકીના વિધાનમાં 'હા' હોય તો 1 ગુણ ગણવો.**

# રસ અને ધ્યાન

**પ્રસ્તાવના**

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જ્ઞાન તેમ જ ભાવનાઓના જે આદાનપ્રદાનની પ્રક્રિયા તે જ શિક્ષણ છે, પરંતુ આજના વિદ્યાર્થીઓને ગમેતેટલું સમજાવો તોપણ તેમને સમજ પડતી નથી. વિદ્યાર્થીઓ કહે છે કે સાહેબ ગમે તેટલું સમજાવે તોય સમજ પડતી નથી. ક્યારેક વળી સમજ પડે તો થોડી વાર ટકે છે ને પછી બીજો વિષય શરૂ થાય એટલે મગજમાંથી નીકળી જાય છે. વિદ્યાર્થીઓની બીજી સમસ્યા એ છે કે ગમે તેટલું વાંચીએ છીએ તોપણ યાદ રહેતું નથી; ભણવામાં મન લાગતું નથી, રસ પડતો નથી.

આ યાદ ન રહેવું, સમજ ન પડવી, કંટાળો આવવો વગેરે વિદ્યાર્થીઓની માનસિક અને બૌદ્ધિક સમસ્યાઓ છે. આ સમસ્યાનું નિવારણ એટલે રસ અને ધ્યાન. વર્ગખંડમાં રસ અને ધ્યાનનું સ્થાન કેવું અને કેટલું મહત્ત્વનું છે એની પ્રતીતિ દરરોજ શિક્ષકને થતી હોય છે. બાળકને રસ ન હોય તેવો વિષય ભણાવવાની ચેષ્ટા, એ સામા પ્રવાહમાં નાવ હંકારવા જેવી વાત છે; પરંતુ જેમાં બાળકોને રસ છે એ વિષય ભણાવતી વખતે શિક્ષકને એક જુદી જ અનુભૂતિ થાય છે, એમાં બાળકોના પક્ષે જે તરવરાટ હોય છે તે શિક્ષકના કાર્યને સરળ બનાવી દે છે અને શિક્ષણની પ્રક્રિયા અર્થપૂર્ણ તથા સંગીન બને છે. રસ પડે તો બાળકો સાહજિક રીતે ધ્યાનમગ્ન બની જાય છે; રસ એ ધ્યાનનું આંતરિક બળ છે. 'રસ એ ધ્યાનની જનની છે.' ધ્યાનની ઇમારત રસ વગર ચણી શકાતી નથી. રસના પાયા ઉપર જ ધ્યાન અને જ્ઞાનની ઇમારત ટકી રહે છે. આમ, રસ વગર ધ્યાન સ્થિર ન થાય તો શિક્ષણની પ્રક્રિયા નિષ્ફળ બની શકે છે. આપણે સૌ પ્રથમ 'રસ' શબ્દને સમજીએ.

**સંકલ્પના :**

રસનો અંગ્રેજી પર્યાય Interest પણ એક મજાનો શબ્દ છે. આ શબ્દ મૂળ લેટિન છે, જેનો અર્થ થાય છે 'is between' બે અલગ અલગ બાબતો વચ્ચે સંબંધ બાંધી આપવાનું કામ તે રસ. રસ એટલે ગમા કે અણગમાનો ભાવ. રસ પડવો કે રસ હોવો એટલે ગમવું અને રસ ન હોવો કે રસ ન પડવો તે અણગમાનો ભાવ છે. આમ રસ એ શીખવા-શીખવવાની પ્રક્રિયાઓનું સંચાલન કરનારી કેન્દ્રિય શક્તિ છે.

## શિક્ષકની ભૂમિકા :

શિક્ષકનું મુખ્ય કાર્ય છે કે બાળકોની રસવૃત્તિઓને પોષણ આપવાનું અને પર્યાવરણ નિર્માણ કરવાનું જ છે. આ માટે શિક્ષકે જ સૌપ્રથમ રસિક બનવું પડે. રસનો સીધો સંબંધ આનંદ સાથે છે, તેથી જે પ્રવૃત્તિથી બાળકોને આનંદ પ્રાપ્ત થાય તેના તરફ તે વધુ રસ લે છે. વર્ગખંડમાં જરૂરી કૌશલ્યો, વલણો અને સમજ પ્રત્યે યોગ્ય વ્યવહાર સર્જાય તો રસ આપોઆપ ઉદ્‌ભવે છે, તેનાથી કંટાળો આવતો નથી અને પ્રવૃત્તિ અને શિક્ષણમાં આનંદની પ્રાપ્તિ થાય છે. શિક્ષક ખુદ પોતાના વિષયમાં કે જવાબદારી અદા કરવામાં સંપૂર્ણ ઉત્સાહી અને રસિક બને એટલે આપોઆપ બાળકોમાં ઉત્સાહ જાગે છે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે' શિક્ષણની પ્રક્રિયામાં રસનો મુખ્ય આધાર શિક્ષક ઉપર રહે છે.

બાળકોને ગમ્મત સાથે જ્ઞાનની વાતો કરવામાં આવે, જ્ઞાનેન્દ્રિયો ઉત્તેજિત થાય તેવી રસભરી વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકોને સામેલ કરવામાં આવે તો શિક્ષણ રસમય બની શકે છે. બાળકોને નવું નવું જોવું, ભણવું,

શીખવું અને નવી નવી પ્રવૃત્તિઓ કરવી ગમે છે. બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ તીવ્ર હોય છે, માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતાં જો કુતૂહલ જાગ્રત થાય તો રસનું સાતત્ય જળવાઈ રહે છે. આ પ્રકારની તમન્ના કે ધૂન પેદા થવી એ જ રસ છે.

વર્ગખંડમાં ક્યારેક વિદ્વાન શિક્ષક પણ નિષ્ફળ જાય છે, એવું ઘણી વાર જોવા મળે છે. એની પ્રવચનગંગા પવિત્ર હોવા છતાંય વિદ્યાર્થીઓને ભીંજવી શકતી નથી. આવા શિક્ષક બાળકોમાં થોડો પણ રસ ઉત્પન્ન કરી શકે તો બાજી પલટાઈ જાય ! ગણિતના શિક્ષકનું પહેલું કર્તવ્ય છે કે ગણિત અને વિદ્યાર્થીઓ વચ્ચે સંબંધ બાંધી આપવાનો છે. વિદ્યાર્થીઓને રસ પડે તો જ આવો સંબંધ બાંધી શકાય, નહિ તો શરીરથી નખ વેગળા રહે છે તેમ ગણિત અને વિદ્યાર્થીઓ નજીક હોવા છતાંય વેગળા જ રહે છે. રસ ઉત્પન્ન કર્યા વગર ભણાવવું એ ઠંડા લોખંડ પર હથોડા ઝીંકવા જેવું કઠિન કાર્ય છે. ગણિત કે ગુજરાતીમાં ખૂબ કાચો વિદ્યાર્થી સારો સંગીતકાર કે ચિત્રકાર કે સારો ક્રિકેટર પણ બની શકે છે.

દરેક વ્યક્તિની વય પ્રમાણે રસનાં ક્ષેત્રો બદલાય છે. રસનો આધાર વ્યક્તિની શારીરિક ક્ષમતા અને કાર્યકુશળતા પર રહે છે. બાળકોનો રસ જાણવા એને શું કરવાનું ગમે એટલું પૂછો તોપણ બસ. એ જે કામોનાં નામ જણાવે તે એના રસનાં ક્ષેત્રો કહી શકાય. બાળકોના રસનાં ક્ષેત્રો જાણવા માટે ફુરસદના સમયમાં એ શું કરે છે તેનું નિરીક્ષણ કરીએ તોપણ આપણને ખ્યાલ આવી જશે. ચારથી છ વર્ષનાં બાળકોને બાળગીત, બાળવાર્તા અને રમકડાં ખૂબ ગમે છે. દસ વર્ષનું બાળક થતાં રમત તરફ વળે છે. રસ અને ધ્યાનમાં સ્થિરતાનો અભાવ જોવા મળે છે. ચૌદ વર્ષના થતાં જ મિત્રવર્તુળમાં વધુ રચ્યાપચ્યા રહે છે. આમ ઉંમર અને આર્થિક-સામાજિક સ્થિતિ પ્રમાણે અભિરુચિ બદલાતી રહે છે. નાનાં બાળકો એક કાર્યમાં લાંબા સમય સુધી રહી શકે નહિ. કારણ કે તેમની રસવૃત્તિ અસ્થિર અને પરિવર્તનશીલ હોય છે. કેટલાંક બાળકોને કલાકો સુધી ગણિતના દાખલા ગણતાં આપણે જોયાં છે, અને કેટલાંકને ગણિતનું નામ સાંભળતાં જ ઝોકાં આવી જાય છે. પરંતુ ઝોકે ચડનાર વિદ્યાર્થી રંગ અને પીંછી લઈને કલાકો સુધી ચિત્ર દોરતા હોય છે. પહેલાને ગણિતમાં રસ છે, બીજા વિદ્યાર્થીને ચિત્રકામમાં રસ હોઈ શકે. આ હકીકતનો સ્વીકાર કરીએ તો એ પછીની જવાબદારી શિક્ષકોની છે. શિક્ષકે પોતાના વિષયની રજૂઆત સરળ અને સ્પષ્ટ કરવી જરૂરી છે. જેથી બાળકોને વિષય શીખવામાં અભિરુચિ જાગે. બાળક ઘણી વાર શરૂઆતથી જ રસ ગુમાવી બેસે છે અને પછીનાં વર્ષોમાં પણ તે કંઈ શીખી શકતો નથી. બાળકોને જે વિષયમાં રસ હોય તે વિષયમાં તેને પ્રોત્સાહન આપવું જરૂરી છે. વિદ્યાર્થીને શામાં રસ છે તે જાણવું એ શૈક્ષણિક અને વ્યવસાયિક દૃષ્ટિએ જરૂરી છે. ફુરસદના સમયમાં કે રિસેસના સમયમાં બાળક કઈ પ્રવૃત્તિઓ કરે છે એની નોંધ લઈ શકાય. કોઈ બાગમાં છોડને પાણી પિવડાવે છે, કોઈ ક્રિકેટ રમે છે, કોઈક વર્ગમાં બેસીને વાંચે છે, કોઈ ગણિતના દાખલા ગણે છે તો કોઈક પાટિયા પર કટાક્ષચિત્રો દોરે છે. આ બધી પ્રવૃત્તિઓ બાળકને શામાં રસ છે તેની પ્રતીતિ કરાવે છે. રસરુચિ પ્રમાણે અપાતા શિક્ષણનો આ જાદુ છે. આમ થાય તો શિક્ષણ બોજ મટીને એક ખોજ બની રહે છે.

## રસનાં ક્ષેત્રો :

આ વિશ્વમાં દરેક વ્યક્તિ અલગ છે, તેમ તેના રસનાં ક્ષેત્રો પણ જુદાં જુદાં હોય છે. ગિલફર્ડે રસનાં ૨૮ ક્ષેત્રો બતાવ્યાં છે. વ્યક્તિના રસનાં ક્ષેત્રોને પાંચ વિભાગમાં વહેંચી શકાય છે.

૧. **સાહિત્યક્ષેત્ર** : વાચન, લેખન જેવી પ્રવૃત્તિમાં રસ હોય તેવું રસનું ક્ષેત્ર.

૨. **કલાક્ષેત્ર** : ચિત્રકામ, રંગકામ, ભરત-ગૂંથણ, સુશોભન વગેરે જેવી સર્જનાત્મક પ્રવૃત્તિમાં રસ – હોય તેવું રસનું ક્ષેત્ર કલાક્ષેત્ર.

૩. **વિજ્ઞાનક્ષેત્ર** : વિજ્ઞાનના પ્રયોગોમાં, સંશોધનમાં, નવી નવી શોધમાં રસ હોય તેવું રસનું ક્ષેત્ર – વિજ્ઞાનક્ષેત્ર.

૪. **સંગીતક્ષેત્ર** : વાદ્યવગાડવાં, ગાયન, નૃત્ય, રાસ-ગરબા વગેરે સંગીતને લગતી પ્રવૃત્તિઓમાં રસ હોય તેવું રસનું ક્ષેત્ર – સંગીતક્ષેત્ર.

૫. **સમાજસેવાક્ષેત્ર** : સમાજસેવાના હેતુ સાથે થતી પ્રવૃત્તિ જેવી કે શ્રમ, સફાઈ, અન્યને મદદરૂપ થવું, સેવા કરવી વગેરે પ્રવૃત્તિમાં રસ હોય તેવું રસનું ક્ષેત્ર – સમાજસેવા ક્ષેત્ર, કહી શકાય, વ્યક્તિની ઉંમર પ્રમાણે રસનાં ક્ષેત્રો બદલાતાં રહે છે.

''અમુક ક્ષણે જેનું નિરીક્ષણ કરવું છે તેની તે સમય માટે પસંદગી કરવી તેનું નામ ધ્યાન.''

**જે. પી. ગીલ્ફર્ડ**

''ચોક્કસ ઉદ્દીપક પ્રત્યે ચેતનાને કેન્દ્રિત કરવાની માનસિક પ્રક્રિયા એટલે ધ્યાન.'

**સી. ટી. મોર્ગન.**

**પ્રયોગ :**

થોડાંક વર્ષો પહેલાં રિડર્સ ડાઇજેસ્ટમાં એક લેખ આવેલો જેનું મથાળું હતું 'Whre Learning is Fun' એક શાળાની જ એમાં વાત હતી. શિક્ષકોની ફરિયાદ હતી કે બાળકો વર્ગમાં ધ્યાન આપતા નથી અને ઘંટ પડે કે નાસી છૂટે છે. પછી વાલીઓ તથા શિક્ષકોએ ભેગાં મળીને વિચાર કર્યો. વર્ગમાં જ નાનાં જૂથો પડી શકે એવા પડદાઓની વ્યવસ્થા કરી. દરેક જૂથ પાસે જઈને શિક્ષક કામ કરાવી શકે. બાળકોને વિષયોની પસંદગીમાં પૂરી છૂટ આપવામાં આવી. શિક્ષકોએ બાળકોની વ્યક્તિગત બાબતોમાં પ્રેમપૂર્વક રસ લેવા માંડ્યો. સારા સ્વાધ્યાય આપવાનું શરૂ થયું. કથન ઘટ્યું અને પ્રવૃત્તિઓ વધી. એક શિક્ષિકાએ તો કહ્યું કે આટલાં વર્ષો ભણાવ્યા પછી સાચું શિક્ષણ કોને કહેવાય તેની સમજ મને હવે પડી. શાળા છૂટી જાય પછી પણ બાળકો ઘેર જવાનું નામ ન લે. વાલી લેવા આવે તો તેમને થોભવું પડે એવી સ્થિતિ સર્જાઈ.

ઓસ્કાર વાઇલ્ડ કહેતા કે શાળા એ ગામની સુંદરતમ્ જગ્યા હોવી જોઈએ. માથાભારે વિદ્યાર્થીને સજા કરવાનું થાય ત્યારે તેને એટલું જ કહેવું પડે કે તું બે દિવસ શાળાએ ન આવતો. શાળાએ ન આવવું એ સજા લાગે ખરી ? 'દિવાસ્વપ્ન' એ શિક્ષણ પ્રયોગની વાર્તા છે. 'દિવાસ્વપ્ન'માં પાન-૪માં આપેલો શિક્ષકનો શાળાના વર્ગખંડનો પ્રથમ દિવસ એ પ્રયોગ ખરેખર વાચન કરીને સમજવા જેવો છે. જ્યારે શિક્ષક વર્ગખંડમાં જાય છે ત્યારે ધાંધલ, ધમાલ, અવાજ, જોઈને શિક્ષક હાર્યા નહિ પણ તેમણે સૌ પ્રથમ 'શાંતિની રમત' રમાડી અને બાળકોને રજામાં રસ હતો તો રજા આપી દીધી. ત્યાર બાદ બીજા દિવસે 'શાંતિની રમત' બાદ વાર્તા કહેવા માંડી. એક હતો રાજા, એને સાત રાણીઓ, સાતેને સાત કુંવર ને સાતેને સાત દીકરીઓ, અને વર્ગમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. બાળકો ફાટી આંખે રસપૂર્વક વાર્તા સાંભળવા માંડ્યાં. વાર્તા અડધી થઈ ત્યારે શિક્ષક કહે છે તમારે રજા જોઈતી હોય તો વાર્તા બંધ કરીએ; નહિ તો ચાલુ રાખીએ. બધાં જ બાળકો એકી અવાજે કહે : ''ચાલુ રાખો. અમારે રજા નથી જોઈતી.''

શિક્ષક કહે : ‘‘ઘંટ વાગે ત્યાં સુધી વાર્તા ચલાવીએ. આ વાર્તા તો ચાર દિવસ ચાલે એટલી લાંબી છે.’’ બાળકો ગેલમાં આવી ગયાં. ઓહો ! આટલી બધી લાંબી ! ત્યારે તો મજા પડશે.’’ આ પ્રયોગ પરથી સમજાય છે કે શિક્ષક બાળકોમાં કઈ રીતે રસ ઉત્પન્ન કરી શકે છે.

રસ એ દ્વિધ્રુવી છે. વર્ગખંડમાં બંને પક્ષે ‘રસ’ ઉદ્ભવે તો અસરકારક ફળદાયી શિક્ષણપ્રક્રિયા બને છે. શિક્ષકે ખુદ રસ કેળવવો પડે અને બાળકોમાં કેવી રીતે રસ સંક્રમણ થઈ શકે એ કળા આત્મસાત્ કરવી પડે. ‘શિક્ષક કલાકાર છે. એને બાળકોના હૃદયના અને મનના ભાવોને ઓળખીને ‘રસ’નો વિકાસ કરવાનો છે. હવે આપણે ધ્યાન વિશે જોઈએ.

## ધ્યાનની સંકલ્પના :

બાળકના મનમાં પ્રવેશવાનાં દ્વારો તેમની જ્ઞાનેન્દ્રિયો છે. આ જ્ઞાનેન્દ્રિયોને કેળવવાથી બાળકનાં મન-બુદ્ધિ કેળવાય છે. હાથ-પગ અને જ્ઞાનેન્દ્રિયોની કેળવણીથી બુદ્ધિ અને મનને તાલીમ મળે છે. ધ્યાનનો સંબંધ મન સાથે, જ્યારે મનનો સીધો સંબંધ જ્ઞાનેન્દ્રિયો સાથે છે. મન તો અસ્થિર છે, તેને સ્થિર કરવાનું માધ્યમ ઇન્દ્રિયોનું છે. અને તેની લગામ ધ્યાનના હાથમાં છે, તેથી જ્ઞાનેન્દ્રિયો દ્વારા મન સાથે સંબંધિત કોઈપણ બાબત એ જ જગ્યાએ સ્થિર થાય તેને ધ્યાનસ્થ અવસ્થા કહે છે. ધ્યાનને કેન્દ્રિત કરવા માટે ‘સ્વ’નું મન કેળવાય, બુદ્ધિ કેળવાય અને ધ્યાનથી જ્ઞાનનો સ્પર્શ થાય ત્યારે મનમાં રહેલા અજ્ઞાનતાના પડદા તૂટે છે અને જ્ઞાનપ્રાપ્તિ થાય છે. ‘ધ્યાન એ મનને કેન્દ્રિત કરવાની માનસિક ક્રિયા છે.’

એકાગ્રતા અને ધ્યાનને આપણે સૌ એક જ માનીએ છીએ. એકાગ્રતાની શક્તિ આવે એટલે ધ્યાન આપોઆપ આવી જાય છે. પરંતુ એકાગ્રતા અને ધ્યાનમાં સ્પષ્ટ તફાવત છે. ધ્યાન એ ફક્ત એકાગ્રતા નથી, પણ વિશેષ પ્રકારની એકાગ્રતા છે. એકાગ્રતા એક અચેતન પ્રક્રિયા છે. જ્યારે ધ્યાન એ સ્વતરફ અભિમુખ થવાની ચેતન પ્રક્રિયા છે. ધ્યાનથી તૈયારી કરીને ધ્યાનથી ભણાવનાર શિક્ષક જ બાળકોનાં ધ્યાનને કેન્દ્રિત કરી શકે અને કેન્દ્રિત થયેલ ધ્યાન બાળકને અર્જુનની જેમ ધ્યેયસિદ્ધિ અપાવી શકે. બંને પક્ષે ધ્યાનની એકતા હોય તો જ શીખવા-શીખવવાની પ્રક્રિયા સફળ બની શકે. તેમાં કોઈપણ વસ્તુ કે સંવેદના ઉપર મનને કેન્દ્રિત કરવામાં આવે છે. ગમતી પ્રવૃત્તિ કે ગમતા વિષય ઉપર ધ્યાન સ્થિર થાય છે તો શાળામાં બાળકોને કઈ વસ્તુ, પ્રવૃત્તિ ગમે છે, તેના વિકાસ માટે યોગ્ય છે તે તરફ બાળકોને લઈ જવાનું કામ શિક્ષકનું છે. આ કામ તો જ થઈ શકે જો શિક્ષક બાળકોનું ધ્યાન કેન્દ્રિત કરવાનું કૌશલ્ય જાણતો હોય. તો કુશળ શિક્ષક જ બાળકના વિચલિત ધ્યાનને અચલ બનાવી શકે છે અને બાળકો ઉપર પક્કડ જમાવી શકે છે.

## ધ્યાનના પ્રકાર :

ધ્યાનના બે પ્રકાર છે. (૧) અનૈચ્છિક ધ્યાન. (૨) ઐચ્છિકધ્યાન.

**(૧) અનૈચ્છિક ધ્યાન :** ‘વ્યક્તિની ઇચ્છા ન હોય છતાં કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટના પ્રત્યે ધ્યાન જાય તેને અનૈચ્છિક ધ્યાન કહે છે. કોઈ એક જગ્યાએ લાંબા સમય સુધી ધ્યાન સ્થિર રહી શકતું નથી. જ્યારે સડક પરથી પસાર થતા હોઈએ ત્યાં અચાનક હોર્ન વાગે ત્યારે તે તરફ ધ્યાન જતું રહે છે. વર્ગખંડમાં પવનથી બારી પછડાય છે અને થતો અવાજ આપણું ધ્યાન ખેંચે છે. રાત્રે વાંચતી વખતે ઘડિયાળનો અવાજ આપણું ધ્યાન ખેંચે છે. અનૈચ્છિક ધ્યાન સ્વાભાવિકપણે થતું હોય છે. અનૈચ્છિક ધ્યાન ટૂંકા ગાળાનું હોય છે. આમ જોઈએ તો અનૈચ્છિક ધ્યાન સાહજિક હોય છે.

**(૨) ઐચ્છિકધ્યાન** : 'વ્યક્તિ પોતાની ઇચ્છાથી, પ્રયત્નપૂર્વક કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટના પ્રત્યે ધ્યાન આપે તેને ઐચ્છિક ધ્યાન કહે છે. ઐચ્છિક ધ્યાનનો સીધો સંબંધ રસ સાથે છે. જેમ કે ગણિતમાં રસ ધરાવનાર વિદ્યાર્થી દાખલા જ ગણે છે. વાચનનો શોખ ધરાવનાર વિદ્યાર્થી લાંબા સમય સુધી વાંચી શકે છે. ઘણી વખત જરૂરિયાત પ્રમાણે અનેક પ્રયત્નો બાદ પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. જેમ કે પરીક્ષા સમયે પ્રયત્નપૂર્વક વાચન પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. અભ્યાસક્રમના બધા વિષયો બધા જ વિદ્યાર્થીઓને ગમતા હોય તેવું હોતું નથી, ત્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પ્રયત્નપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. શિક્ષણની પ્રક્રિયામાં ઐચ્છિક ધ્યાન વધુ જરૂરી છે.

## ધ્યાનનાં પરિબળો :

ધ્યાનનાં બે પ્રકારનાં પરિબળો છે.

(૧) આંતરિક પરિબળો (૨) બાહ્ય પરિબળો

**આંતરિક પરિબળો** : વિદ્યાર્થી પોતાની આંતરિક પરિસ્થિતિ અને વૃત્તિઓથી પ્રેરાઈને ધ્યાન આપવા તત્પર બને છે. આ પ્રક્રિયાને આંતરિક પરિબળ કહે છે.

૧. **રસ કે અભિરુચિ** : જેમાં આપણને રસ હોય તે બાબત પ્રત્યે આપણું ધ્યાન ઝડપથી ખેંચાય છે. વાચનમાં રસ હોય તેનું ધ્યાન પુસ્તક તરફ ખેંચાય છે. ક્રિકેટમાં રસ હોય તેનું ધ્યાન રેડિયો પર કોમેન્ટ્રી આવતી હોય તે તરફ વધુ ખેંચાય છે. આમ, રસ એ ધ્યાનની જનની છે.
૨. **શિક્ષણ કે તાલીમ** : વિદ્યાર્થીએ લીધેલ તાલીમ કે શિક્ષણ ભૂતકાળમાં થયેલા અનુભવો સાથે સંબંધિત ઉદ્દીપકો તરફ ઝડપથી ધ્યાન ખેંચે છે. સંગીતનું શિક્ષણ મેળવેલ વ્યક્તિનું ધ્યાન સંગીતના સૂર તરફ ઝડપથી ખેંચાય છે. માટે શિક્ષણની પ્રક્રિયા દરમિયન પૂર્વજ્ઞાનની ચકાસણી કરવામાં આવે છે.
૩. **જરૂરિયાત** : જરૂરિયાત ધ્યાનને આકર્ષે છે. તરસ્યા માણસનું ધ્યાન પાણી તરફ વધુ જાય છે. ભૂખ્યા માણસનું ધ્યાન ખાદ્ય પદાર્થો તરફ વધુ જાય છે. શિક્ષક કહે કે આ પ્રશ્નો પરીક્ષા માટે મહત્ત્વના છે તો વિદ્યાર્થીઓનું ધ્યાન તરત એ તરફ ખેંચાય છે.
૪. **મનોવલણ** : મનોવલણો ધ્યાન આકર્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભણવા પ્રત્યેનું હકારાત્મક મનોવલણ અભ્યાસમાં 'ધ્યાન' વધારે છે.
૫. **શારીરિક – માનસિક સ્થિતિ** : વ્યક્તિને માથું દુઃખતું હોય કે કોઈ બાબતની ચિંતા હોય તે બાબત ચિત્તનો કબજો લઈ લે છે. આમ શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીની શારીરિક-માનસિક સ્થિતિની અસર ધ્યાન ઉપર પડે છે.
૬. **પૂર્વાનુભવ** : જ્ઞાનેન્દ્રિયો વડે વિદ્યાર્થીઓને અનેક અનુભવો પ્રાપ્ત થતા હોય છે. જે મગજમાં સંગ્રહ પામે છે. આવા અનુભવોને વિદ્યાર્થી જરૂર પડે ત્યારે ફરીથી તે સમયે પ્રાપ્ત કરી શકે છે.

## બાહ્ય પરિબળો :

**ઉત્તેજના** : ધ્યાન કેન્દ્રિત કરવા માટેનું સૌપ્રથમ બાહ્ય પરિબળ છે ઉત્તેજના. સફેદ કરતાં રંગીન ચોક, ઝાંખા પ્રકાશ કરતાં તેજસ્વી પ્રકાશ, ધીમા અવાજ કરતાં મોટો અવાજ ધ્યાનને ઝડપી આકર્ષે છે. બસસ્ટેશને કે રેલવેસ્ટેશને સીંગચણા વેચનારો, છાપાનો ફેરિયો કે પાણીવાળા વિચિત્ર મોટા અવાજથી ગ્રાહકોનું ધ્યાન ખેંચે છે; તેમ શિક્ષક શાળામાં બાળકો સમક્ષ ભાવવાહી અવાજના વૈવિધ્યથી બાળકોનું ધ્યાન આકર્ષી શકે

છે. પણ તેમાં સ્વાભાવિકતા હોવી જોઈએ. વર્ગખંડમાં શિક્ષણની પ્રક્રિયા દરમિયાન રંગીન, ચિત્રો, મૉડેલો, નકશા, નમૂનાઓ, આલેખો, ટેપરેકર્ડર, ફિલ્મી સ્લાઇડ, પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન વગેરે વિવિધ શૈક્ષણિક સાધનો પ્રબળ ઉત્તેજના લાવીને બાળકોના ધ્યાનને કેન્દ્રિત કરી શકે છે.

### નવીનતા :

બાળકોને રોજ નવું શીખવાનું ગમે છે. નવી બાબતોમાં તેમનું ધ્યાન વધુ સ્થિર થઈ શકે છે. એકની એક વાત કંટાળાજનક બને છે. એકનો એક ઘડિયો પાંચ વાર લખવા આપવામાં આવે તો બાળક કંટાળો અનુભવે છે. ઘણી વખત સારા અક્ષર માટે એક ફકરો કે પાઠ બે કે ત્રણ વખત ધ્યાનથી વ્યવસ્થિત લખે છે પણ બીજી કે ત્રીજી વખતનું લખાણ ઘણી ભૂલોવાળું હશે, અવ્યવસ્થિત હશે. આ પ્રકારની પ્રક્રિયાથી બાળકો કંટાળો અનુભવે છે અને ચોક્કસ ધ્યેયપ્રાપ્તિ થતી નથી.

નવી વાર્તા, નવાં સાધનો, નવા પ્રયોગો, નવી પદ્ધતિથી બાળકોને શીખવવામાં આવે તો ધ્યાન વધુ કેન્દ્રિત થઈ શકે છે, માટે શિક્ષકે પોતાના જ્ઞાનને અપડેટ કરવું પડે. પોતાની આંતર સૂઝબૂઝથી શિક્ષણની પ્રક્રિયામાં નવીનતા લાવવા પ્રયાસ કરવો જોઈએ.

### ગતિશીલતા :

બાળક ખૂબ ચંચળ હોય છે. તે સ્થિર બેસી શકતું નથી, ખરેખર ગતિશીલતા એ બાળકની પ્રગતિ છે, તેથી શૈક્ષણિક ઉપકરણો પણ ગતિશીલ હોય, યાંત્રિક હોય તો વધુ ધ્યાનપ્રેરક બને છે. નાટક, ફિલ્મ દ્વારા શિક્ષણનું કામ અસરકારક બને છે.

શિક્ષક વર્ગખંડમાં ખુરશી ઉપર બેસી રહીને, કે એક જ જગ્યાએ ઊભા રહીને જો શિક્ષણકાર્ય કરે તો શિક્ષણની પ્રક્રિયામાં નીરસતા જન્મે છે. શિક્ષક બાળકોની સાથે બેસીને શિક્ષણપ્રક્રિયા કરે તો બાળકોનું ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે અને વર્ગખંડમાં જીવંત વાતાવરણ નિર્માણ થાય છે.

### ક્રિયાશીલતા :

બાળકો સ્વભાવે ક્રિયાશીલ હોય છે. કંઈક ને કંઈક પ્રવૃત્તિ કર્યા જ કરે છે. તોડફોડ કરવું, કંઈક નવું કરવું પણ ગમે છે. નવું સાંભળવું, નવું જોવું અને કંઈક જાતે નવું કરવાનું તેને ગમે છે. બાળકો રમતિયાળ વૃત્તિનાં હોય છે તેથી રમતમાં તેમને સ્વર્ગીય આનંદ મળે છે. સર્જનાત્મક વૃત્તિ હોવાથી માટીકામ, પૂંઠાકામ, ચિત્રકામ, છાપકામ વગેરે પ્રવૃત્તિઓમાં ઝડપથી કેન્દ્રિત થાય છે, એકધ્યાન થઈને મસ્તીથી બાળકો પ્રવૃત્તિમાં જોડાઈ જાય છે.

### વસ્તુપ્રમાણ :

બાળકોને કોઈપણ વસ્તુ નાની કરતાં મોટી વધુ ગમે છે. તેથી શૈક્ષણિક સાધનો પ્રમાણમાં મોટાં હોય તો ધ્યાનને વધુ આકર્ષે છે. દડો, ચિત્રો, મોટાં ગમે અને બ્લેકબોર્ડ ઉપરનું લખાણ મોટા અક્ષરે હોય તો વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

### વિષમતા :

લાંબા પાસે ઠીંગણો ઊભો હોય, કાળા પાસે ગોરો ઊભો હોય, પાતળા પાસે જાડો ઊભો હોય તો તરત ધ્યાન ખેંચાય છે. બે ઐતિહાસિક ઘટનાનો વિરોધાભાસ કે ઐતિહાસિક પાત્રોના જીવનકાર્યનો વિરોધાભાસ, ધ્યાન ખેંચે છે અને તુલનાત્મક દૃષ્ટિએ જોતાં વધુ અસરકારક, રસપ્રદ અને યાદગાર બની શકે છે.

## શૈક્ષણિક પ્રક્રિયામાં ધ્યાનનું મહત્ત્વ :

- મનની સ્થિરતા લાવે છે. • કલ્પનાશક્તિ વધે છે. • સ્મૃતિને પોષણ મળે છે. • ધ્યાનથી ક્રિયા ઉત્તમ અને ઝડપી બને છે. • મનનો વિકાસ કરતી એકમાત્ર ક્રિયા ધ્યાન છે. • વ્યક્તિમાં ધ્યાનથી કાર્યક્ષમતા અને ચપળતા વધે છે. • ધ્યાન કેટલાંક આવેગો અને વૃત્તિઓને શાંત પણ કરે છે.

## રસ અને ધ્યાનનો શિક્ષણ સાથે સંબંધ :

ધ્યાનનો મૂળ આધાર રસ છે. રસ એક સ્થાયી વૃત્તિ છે. તે જેટલી પ્રબળ તેટલું ધ્યાન વધુ પ્રબળ બને છે. ધ્યાન અને રસ એક સિક્કાની બે બાજુ જેવાં છે. બાળકોને જેમાં વધુ રસ પડે તેના તરફ ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે. રસ અને ધ્યાનનો સંબંધ માતા અને પુત્રી જેવો છે. રસ પડે તો ધ્યાન લાગે અને ધ્યાન લાગે તો ગમે તેવો વિષય પણ રસમય બની જાય. ધ્યાન દોરવાનું અને રસ કેળવવાનું કાર્ય શિક્ષકનું છે. રસ અને ધ્યાન બંને સ્વયંભૂ ક્રિયા બને તો શિક્ષણ વધુ અસરકારક અને પ્રેરક બની શકે છે. ધ્યાન અને રસ એકબીજાનાં પૂરક છે. ધ્યાન લાગે તો જ્ઞાન થાય. વિદ્યાર્થીઓ ધ્યાનથી ગ્રહણ કરે તો વર્ગખંડમાં પ્રશ્નોના જવાબ સાચા આપી શકે. પરિણામે ગોખણપટ્ટી કરતાં નથી, સમજપૂર્વક સાચા જવાબ આપી શકે છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને પક્ષે સફળતા મળે છે. બાળકોની કલ્પનાશક્તિ, સ્મરણશક્તિ, સમજશક્તિ અને બુદ્ધિશક્તિનો વિકાસ થાય છે. ધ્યાનથી થયેલ કાર્ય ઝડપી, સુંદર અને ગુણવત્તાયુક્ત થાય છે. જો શિક્ષક વર્ગખંડમાં લાલચ કે ભયથી ધ્યાન સ્થિર કરવાનો પ્રયત્ન કરે તો કૃત્રિમતા સર્જાય છે. પરિણામે આ પ્રકારનું રસ વગરનું ધ્યાન વિષય પ્રત્યે, કાર્ય પ્રત્યે અણગમો પેદા કરે છે.

## રસ અને ધ્યાન નિયમન માટે આટલું યાદ રાખો –

૧. શિક્ષકે સરળ ભાષામાં, ભાવને અનુરૂપ આરોહઅવરોહપૂર્વક બાળકોને સમજાવવું.
૨. શિક્ષકે અભિનય દ્વારા વિવિધ ભાવો વ્યક્ત કરવા.
૩. બાળકોની વયકક્ષા અને ક્ષમતાને ધ્યાનમાં રાખીને સમજ આપવી અને બાળકોના પૂર્વજ્ઞાન સાથે સંકલિત કરીને રજૂઆત કરવી.
૪. શિક્ષકે પોતાની શૈલીમાં વિવિધતા લાવીને બાળકોને આકર્ષિત કરવાં.
૫. વાર્તારસ પેદા કર્યા વગર વાર્તામાં બાળકો ધ્યાન આપી શકે નહિ, માટે વાર્તાની શરૂઆત સમજપૂર્વક, રસપૂર્વક કરવી.

## પદ્ધતિ :

નાટ્યીકરણ, રોલપ્લે, દશ્ય-શ્રાવ્ય સાધનો, કથનપદ્ધતિ, વાર્તાપદ્ધતિ, ચિત્રપદ્ધતિ, પ્રશ્નપદ્ધતિ, સમીક્ષાપદ્ધતિ, યોગાસન, જૂથચર્ચા, જૂથકાર્ય

## પ્રવૃત્તિ :

- પાંચ ૐકારનો મંત્રોચ્ચાર • શાંતિની રમત • ભાવવાહી અભિનયગીત • અભિનયસહ બાળવાર્તા
- એકપાત્રીય અભિનય. સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, ભામાશા, મીનળદેવી, લાછી છીપણ... • પપેટ-શો
- દશ્ય ઉપરથી નિબંધલેખન • વાર્તાચિત્રોને ક્રમમાં ગોઠવવાં • શબ્દ-અંતાક્ષરી • શબ્દરમત
- ક્વીઝ • ગુજરાત / ભારતનો નકશો • વિશિષ્ટ ક્ષેત્રોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ મહિલાઓ અને વ્યક્તિઓના ફોટોગ્રાફ્સ • વીડિયો ફિલ્મ નિદર્શન • કેરમ • દડો પકડવો • કાવ્યનું ભાવવાહી ગાન

* જુદા જુદા વ્યવસાયનાં ઓજારોનું નિદર્શન. • પૂંઠાકામ, છાપકામ, ગડીકામ, માટીકામ, ચિત્રકામ
* પ્રોજેક્ટવર્ક – બેંકની મુલાકાત, પોસ્ટઑફિસ, રેલવેસ્ટેશન, ગ્રામપંચાયત...

**બાળકોમાં 'રસ અને ધ્યાન' વિકસાવવા આટલું સમજી લઈએ :**

૧. બાળક નાનું છે, પરંતુ તેને પોતાનું વ્યક્તિત્વ છે માટે તેનો સ્વીકાર કરીએ, સન્માન કરીએ.
૨. બાળકને સ્નેહ, સલામતી, પ્રોત્સાહન અને હૂંફની ખૂબ જરૂર છે.
૩. બાળકની પ્રકૃતિ કુતૂહલપ્રિય અને રમતપ્રિય હોય છે. તેને ખોલવું, જોડવું, તોડવું, કંઈક નવું બનાવવું અને નવી નવી રમતો રમવી ખૂબ જ ગમે છે.
૪. બાળકને સમસ્યાઓ જાતે ઉકેલવામાં રસ પડે છે. આવી મથામણ તેને ગમે છે.
૫. બાળકને જાતે કામ કરવાની અને તે કરવા માટેની શક્તિ કેળવવાની વધુ હોંશ હોય છે.
૬. બાળકની કલ્પનાશક્તિ ખૂબ જ તેજ હોય છે. તેની આ શક્તિને તે બોલવામાં, ચિત્રો દોરવામાં સારી રીતે અભિવ્યક્ત કરે છે.
૭. બાળકને જવાબદારી ગમે છે. જવાબદારીભર્યું કામ કરવામાં તેનું સ્વાભિમાન પોષાય છે.
૮. બાળકને નકારાત્મક સૂચનો કરતાં હકારાત્મક સૂચનોની અસર વધુ થાય છે. તેને ઉપદેશ કરતાં, શિખામણ કરતાં, મૈત્રીભાવથી કરાયેલું સૂચન વધારે સ્વીકાર્ય બને છે.
૯. નાનું-મોટું, ઓછું-વધુ, હળવું-ભારે, લાંબું-ટૂંકું વગેરેનો ખ્યાલ તેને આવી ગયેલો હોય છે.
૧૦. ગમતી પ્રવૃત્તિમાં બાળક એકાગ્ર થઈ શકે છે. તેની એકાગ્રતાની સમય મર્યાદા ઓછી હોવાથી સમયાંતરે પ્રવૃત્તિ બદલવી હિતકારક છે.
૧૧. વર્ગખંડની દરેક પ્રવૃત્તિમાં બધાં જ બાળકો સામેલ થાય તેનું ધ્યાન રાખવું.
૧૨. બાળકોનાં નામ અને કુટુંબથી પરિચિત થઈ જઈ બાળકને નામથી જ બોલાવીએ.
૧૩. બાળકના દરેક સારા કાર્યને, નાની સરખી પ્રવૃત્તિને, આપેલ સાચા ઉત્તરને વધાવી લઈને પ્રોત્સાહિત કરીએ.
૧૪. બાળક સાથે બાળક બની, સંકોચ છોડી અભિનય કરીએ. નાટક ભજવીએ, રમત રમીએ, નાસ્તો કરીએ.
૧૫. દરરોજ એક જોડકણું, એક ગીત, એક અભિનય, એક વાર્તા અને એક પ્રવૃત્તિ તો આપવી જ.
૧૬. બાળકોને મિત્રો સાથે કે જૂથમાં કામ કરવાની ટેવ પાડવી.
૧૭. બાળકને ક્યારેય તોછડાઈથી બોલાવીએ કે ધમકાવીએ નહિ.
૧૮. બાળકને લાલચ આપીએ નહિ, સજા કરીએ નહિ.
૧૯. બાળકો વચ્ચે સ્પર્ધા કરાવીએ નહિ.
૨૦. કોઈ બાળકને ક્યારેય ઠોઠ કહીએ નહિ.
૨૧. વર્ગખંડમાં બધાં જ બાળકો ઉપર સમદૃષ્ટિ રાખવી.
૨૨. જે બાળક જે ગતિએ શીખતું હોય તેને તે જ ગતિએ વ્યક્તિગત ધ્યાન આપીને શીખવવું.
૨૩. વર્ગખંડમાં બાળકને હંમેશાં પ્રવૃત્તિમય રાખવું.
૨૪. પ્રવૃત્તિ, શૈક્ષણિક સાધનોની પસંદગી બાળકોની રસરુચિ, વયકક્ષાને ધ્યાનમાં રાખીને કરવી.

૨૫. પાઠ્યપુસ્તક એક સાધનરૂપ છે. તેના દ્વારા બાળકને જીવનવ્યવહારલક્ષી જ્ઞાન આપવાનું છે તે હંમેશાં યાદ રાખવું.

## ઑફ ઍર (ચર્ચાપત્ર)

૧. વાર્તામાં બાળકોને વધુ રસ પડે છે.
૨. વર્ગખંડમાં બધાં જ બાળકો પ્રવૃત્તિમાં સામેલ થતાં નથી.
૩. શિક્ષક અને વિદ્યાર્થી બંનેને રસ હોય તો શિક્ષણપ્રક્રિયા સફળ નીવડે.
૪. રસ એ ધ્યાનની જનની છે.
૫. રસ અને ધ્યાનનો સંબંધ માતા અને પુત્રી જેવો છે.
૬. બાળકોમાં રસ ઉત્પન્ન કરવામાં વાતાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
૭. ધ્યાનથી મેળવેલ જ્ઞાન ચિરંજીવ બને છે.
૮. વર્ગખંડમાં શિક્ષણપ્રક્રિયા દરમિયાન 'રસ અને ધ્યાન' શિક્ષક ઉપર આધાર રાખે છે.
૯. બાળકોની વયકક્ષા પ્રમાણે કરેલ પ્રવૃત્તિની પસંદગી 'રસ અને ધ્યાન' પ્રેરકબળ પૂરું પાડે છે.
૧૦. વર્ગખંડમાં બધાં જ બાળકો શિક્ષણકાર્ય દરમિયાન ધ્યાન આપતાં નથી.
૧૧. બાળકોને એકની એક પ્રવૃત્તિ વારંવાર કરાવવાથી વધુ રસપ્રદ બને છે.
૧૨. બાળકોને રમતોમાં વધુ રસ પડે છે.
૧૩. બાળકોને રોજ નવું, શીખવું, નવું જાણવું, નવું બનાવવું ગમે છે.
૧૪. 'રસ અને ધ્યાન' વિના શિક્ષણપ્રક્રિયા સફળ બનતી નથી.
૧૫. કોઈપણ એકમને રસપ્રદ કેવી રીતે બનાવવો એ શિક્ષક ઉપર આધારિત છે.
૧૬. શિક્ષણ રસપ્રદ બનાવવામાં આયોજનનું ખૂબ મહત્ત્વ છે.

## પ્રવૃત્તિ

૧. ધોરણ-૬ના ગુજરાતીના પાઠ્યપુસ્તકના જય જય ગરવી ગુજરાત કાવ્યનું ભાવવાહી ગાન કરાવવું. અથવા ઑડિયો કેસેટ મૂકવી અને ત્યાર બાદ શિક્ષકોએ સમૂહમાં ભાવવાહી ગાન કરાવવું. ગુજરાતનો નકશો મૂકીને તેમાં સોમનાથ, દ્વારકા, જૂનાગઢ, પોરબંદર વગેરે નકશામાં ક્યાં સ્થાન ધરાવે છે તેની શોધ કરાવવી ત્યાર બાદ કાવ્યનું વ્યક્તિગત ગાન કરાવવું.
૨. જે તે ધોરણમાં શૈક્ષણિક કાર્ય કરતાં હોય તેના જૂથ પાડીને ભાષા, સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકના આધારે એકપાત્રીય અભિનય અથવા રોલપ્લે ૭ મિનિટનું તૈયાર કરીને રજૂ કરો.
૩. જુદા જુદા વ્યવસાયકારોનો અભિનય કરો.
૪. ધોરણ-૪ના વિદ્યાર્થીઓને ભાગાકારની પ્રક્રિયા વ્યાવહારિક દષ્ટાંતો આપીને પ્રત્યક્ષ મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરીને શિખવાડો.
૫. અંગ્રેજી વિષયમાં / ગુજરાતી વિષયમાં શબ્દભંડોળ માટે અંતાક્ષરીની પ્રવૃત્તિ કરાવો.
૬. ગુજરાતી / હિન્દી / અંગ્રેજી / સંસ્કૃતમાં આપેલાં કાવ્યોમાંથી એક કાવ્યનું નાટ્યીકરણ રજૂ કરો.
૭. શાંતિનીરમત રમાડવી અને તે દરમિયાન કેવા પ્રકારના અવાજો સંભળાયા તેની ચર્ચા કરવી.

❒

# માનવીય સંબંધો – ON AIR

**સંકલ્પના :** પ્રાથમિક શિક્ષણક્ષેત્રે વર્ગવ્યવહારને અસર કરતું એક મહત્ત્વનું પરિબળ એ માનવીય સંબંધ છે. પ્રાથમિક શાળા ક્ષેત્રે અથવા કોઈ સંસ્થામાં આચાર્ય-શિક્ષક, શિક્ષક-વિદ્યાર્થી, શિક્ષક-વાલી, વિદ્યાર્થી-વિદ્યાર્થી, શિક્ષક-શિક્ષક, આચાર્ય-વાલી વચ્ચેના ઉષ્માપૂર્ણ વ્યવહાર દ્વારા શાળામાં ઊભું થતું તંદુરસ્ત વાતાવરણનું નિર્માણ માટેનું પરિબળ એટલે માનવીય સંબંધ.

## આંતર માનવીય વ્યવહાર :

શાળાકીય કક્ષાએ આચાર્ય એક કુશળ નેતા છે. તેણે પોતાની સાથે રહેલા શિક્ષકગણને કુશળ નેતૃત્વ પૂરું પાડવાનું છે. આ નેતૃત્વની સફળતાની આધારશિલા ઉષ્માપૂર્ણ માનવસંબંધો છે. આથી કાર્યસિદ્ધિ માટે શિક્ષકોનો સહકાર મેળવવો પડે છે. તેમને અભિપ્રેરણા પૂરી પાડવી પડે છે અને તેમની કાર્યકુશળતા કે કાર્યક્ષમતામાં વૃદ્ધિ થાય તેવા પ્રયાસો કરવા પડે છે. આ તો જ શક્ય બને કે જ્યારે આચાર્ય અને સહકાર્યકરો વચ્ચેના સંબંધો સુમેળભર્યા હોય તો.

શાળામાં જેમ આચાર્ય કેન્દ્રસ્થાને હોય છે તેમ શાળાનું બીજું મહત્ત્વનું અંગ શાળાના શિક્ષકો છે. આચાર્યની શૈક્ષણિક ફિલસૂફીને વાસ્તવિક ધોરણે અમલમાં મૂકવાનું કામ શાળાના શિક્ષકો કરે છે. આથી શિક્ષકોની શિક્ષણ પ્રત્યેની દૃષ્ટિ, વિચારો, ક્ષમતા અને અભિગમની અસર શાળાના વિદ્યાર્થીઓ ઉપર પડે છે. આમ શિક્ષકો એ શાળાનું શૈક્ષણિક પર્યાવરણ ઊભું કરવામાં નિર્ણાયક પરિબળ બની રહે છે. શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા તેમની ફરજો પ્રત્યે તેમને સભાન બનાવે છે. જો શિક્ષક દૃષ્ટિવાન હોય તો સમગ્ર શિક્ષણતંત્રમાં પ્રાણવાન ભૂમિકા ભજવી શકે છે. ને શાળાના આચાર્ય, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંબંધો વિકસાવી શાળા ને સમાજનો અતૂટ સંબંધ સ્થાપિત કરી શકે છે.

શિક્ષકનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હોવું જોઈએ. તે બહુપરિમાણીય વ્યક્તિત્વ ધરાવતો હોય તે જરૂરી છે. તેનામાં ચુંબકીય પ્રતિભા હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓને તેના વ્યક્તિત્વમાંથી પ્રેરણા પ્રાપ્ત થઈ શકે. બાળકો શિક્ષકનું અનુકરણ કરે છે. બાળકો શિક્ષકની વાણી અને વર્તનનું, તેના હલનચલનનું, તેની જીવનશૈલીનું, તેના વેશ-પરિધાનનું, તેના આચાર અને વિચારનું અનુકરણ કરીને સાથે સાથે તાદાત્મ્ય અનુભવે છે. શિક્ષકનું ચારિત્ર્ય ઉત્તમ કોટિનું અને ઉમદા પ્રકારનું હોવું જોઈએ. ચારિત્ર્ય એ સુટેવોનો સમુચ્ચય છે. શિક્ષકના ઉચ્ચ ચારિત્ર્ય અને નૈતિક ગુણોનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પડે છે. તેના આચાર અને વિચારમાં એકતા હોવી જોઈએ. તેણે પોતાના માનવીય ગુણોથી વિદ્યાર્થીઓને ગુણસંપન્ન બનાવવાના છે.

શિક્ષકમાં સહાનુભૂતિ કે સહાનુકંપાનું ભાથું ભારોભાર ભરેલું હોવું જોઈએ. તેણે પોતાની શાળાનાં બાળકો, શિક્ષકો, અન્ય કર્મચારીઓ અને વાલીઓ સાથે સહાનુભૂતિપૂર્ણ વર્તન-વ્યવહાર રાખવાં જોઈએ. શિક્ષક એ શ્રદ્ધાસ્પદ વ્યક્તિ છે. આથી તેણે બાળકોના વાલીઓનો અને સાથી કર્મચારીઓનો યોગ્ય વિશ્વાસ સંપાદિત કરવો જોઈએ. વિદ્યાર્થીઓની સમસ્યાઓ તેમ જ વાલીઓની સમસ્યાઓ તરફ સહાનુભૂતિભર્યું વલણ રાખી તેમને વિશ્વાસમાં લઈ એ સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરવો જોઈએ. તેણે વિદ્યાર્થીઓને અને સૌને સન્માન આપવું જોઈએ અને સન્માનપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના તંદુરસ્ત વ્યવહાર પર બીજી અગત્ય ધરાવતો સંબંધ વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે રહેલો છે. સામાન્ય રીતે શાળામાં અમુક વિદ્યાર્થીઓ શિક્ષકના પ્રિય હોય છે જ્યારે અમુક વિદ્યાર્થીઓ પ્રિય હોતા નથી. આવા સમયે તે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ તંદુરસ્ત રહેવો મુશ્કેલ બને છે. તેથી વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય પર તેની વિપરીત અસર જોવા મળે છે. માટે જો શિક્ષક દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી સાથે તાદાત્મ્ય કેળવાય, એકબીજાને મદદરૂપ થવાથી થતા ફાયદાને પ્રેરણાત્મક રીતે સમજાવવામાં આવે તો વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ તંદુરસ્ત વાતાવરણ નિર્માણ માટે ફળદાયી બનશે અને વિદ્યાર્થીઓમાં સંઘભાવનાનો વિકાસ થતો જોવા મળશે. જે અંતે વિદ્યાર્થીઓને પોતાના માટે ઉપયોગી જ સાબિત થવાનો છે.

શિક્ષકમાં સામાજિક સભાનતા હોવી જોઈએ. સમાજમાં તેનું આગવું સ્થાન અને આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે તેનામાં ઔદાર્ય, સંપ અને સહકારની ભાવના જાગૃત થવી જોઈએ. તે સામાજિક ઇજનેર છે. તેથી સમાજનું પરિવર્તન કરનાર સામાજિકતા તેણે વિકસાવવી જ રહી. બાળક સમાજનો ઉપયોગી સભ્ય અને ઉત્સાહી નાગરિક બને તે માટે બાળકમાં તેણે સામાજિક ગુણોનું સિંચન કરવાનું છે. તે સમાજનાં વાલીઓ, કાર્યકરો અને આગેવાનો સાથે સહેલાઈથી હળીમળી શકે તેવી રીતનો આત્મીયતાપૂર્ણ વ્યવહાર સમાજમાં સ્થાપિત કરવો જોઈએ. જે શિક્ષક સમાજથી અળગો રહી માત્ર પોતાના અહમના કોચલામાં પુરાઈ રહે છે અને સમાજને ઉપયોગી બનતો નથી તે ક્યારેય સમાજની અપેક્ષાઓ કે આકાંક્ષાઓને તૃપ્ત કરી શકતો નથી. ક્યારેક તેનો જિદ્દી સ્વભાવ સમાજમાં અવરોધક બને છે. માનસિક સંતુલન જાળવીને, મિલનસાર સ્વભાવ વડે સમાજના સૌ વર્ગનાં દિલ તેણે જીતી લેવાં જોઈએ. આ માટે તેનામાં સામાજિક ચતુરાઈ, નિર્ણયશક્તિ, વિષમ સંજોગોનો સામનો કરવાની ધીરજ, કૌશલ્ય વગેરે હોવાં જોઈએ. તે પૂર્વગ્રહરહિત, નિર્દંભ, નિખાલસ અને પક્ષપાતથી પર રહીને કાર્ય કરી શકે તથા તેનામાં મહત્તા અને અન્યના ગુણોને આત્મસાત્ કરવાનું શ્રદ્ધાનું ઔદાર્ય અપેક્ષિત છે. આ માટે તેનામાં જીવન અને સમાજ પ્રત્યેનો હકારાત્મક અને વિધાયક દૃષ્ટિકોણ હોવો જોઈએ. તો જ તે સમાજમાં સમ્માનીય સ્થાન પ્રાપ્ત કરી શકશે. આમ, શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે મમતાપૂર્ણ આત્મીય સંબંધો વિકસાવવા જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અંગે વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય તે માટે પણ વાલીઓ સાથે ઉષ્માપૂર્ણ સક્રિય સંબંધો વિકસાવવા જોઈએ. માનવીય સંબંધોનાં વિકાસને લીધે કર્મચારીગણ અને શિક્ષકો પ્રોત્સાહિત બને છે અને શાળા સાથે અનન્ય લગાવથી કાર્ય કરે છે. માનવસંબંધના વિકાસને લીધે શાળા-પરિવારના સભ્યોમાં આત્મવિશ્વાસ, સમૂહભાવના અને મનોધૈર્યનું વાતાવરણ સર્જાય છે.

## OFF AIR

**પ્રવૃત્તિ :**

શિક્ષક તરીકેનો તમારો અન્ય સાથેનો માનવીય સંબંધ કેવો હોવો જોઈએ તે માટે નીચેના પ્રશ્નો દ્વારા ચર્ચા કરો.

(૧) બાળકોને સારું અધ્યાપનકાર્ય કઈ રીતે કરાવી શકાય ?

(૨) બાળકોમાં સંઘભાવના કેવી રીતે વધારી શકાય ?

(૩) બાળકોમાં સર્જનાત્મકતા વધારવા શિક્ષકોએ શું કરવું જોઈએ ?

(૪) બાળકના વિકાસ માટે શાળાકક્ષાએ શિક્ષકે કરેલા સીમાચિહ્નરૂપ કાર્ય કયાં ગણાવી શકાય ?

(૫) વર્ગખંડમાં શિક્ષક પોતાના નેતાગીરીના ગુણો કઈ રીતે અભિવ્યક્ત કરે છે ?

(૬) તમને તમારો વર્ગખંડ કેવો બનાવવાની ઝંખના છે ?

(૭) તમે વર્ગખંડના કાર્યબોજથી ઉત્પન્ન થયેલ તાણને ઓછી કરવા શું કરો છો ?

(૮) ભવિષ્યમાં શિક્ષણના નૂતન પ્રવાહને પહોંચી વળવા માટેની તૈયારી આપણે કેવી રીતે કરવી જોઈએ ?

(૯) આપણે સૌથી શ્રેષ્ઠ શિક્ષક કેવી રીતે બની શકીએ ?

(૧૦) તમારી કાર્ય કરવા અંગેની જીવનદષ્ટિ શી છે ?

(૧૧) આચાર્ય, અન્ય શિક્ષકો, બાળકો અને વાલીઓને આપણા પ્રત્યે વિશ્વાસ વધારવા માટે આપણે શું કરવું જોઈએ ?

(૧૨) આપણે પ્રત્યાયન સુધારવા માટે શું કરવું જોઈએ ?

(૧૩) નિર્ણય કરવાની કઈ શૈલી તમને વધારે પસંદ છે ?

(૧૪) ગુણવત્તાવાળી સેવા પૂરી પાડવા માટે તમે શું કરો છો ?

(૧૫) વર્ગખંડવ્યવહાર દરમિયાન મોટા ભાગે તમારે કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે ?

(૧૬) શિક્ષક તરીકે તમે કઈ ખોટી માન્યતાઓને તોડવાનો પ્રયત્ન કરો છો ?

(૧૭) વર્ગખંડ શિક્ષણકાર્યની ગુણવત્તા સુધારવા માટે શું કરવું જોઈએ ?

**પ્રત્યાયન → ON AIR :**

માનવ ખૂબ સંવેદનશીલ છે. તે પોતાની ખુશીઓ અને દર્દો, ગમા અને અણગમા, સ્નેહ અને તિરસ્કાર જેવાં સંવેદનોની બીજા સાથે આપ-લે કરે છે, તેમ જ તેઓની વાતચીત પરસ્પરનાં વર્તન-વ્યવહારોથી થાય છે. વ્યક્તિએ પોતાનું પોતાપણું ટકાવી રાખવા માટે પણ સમાજના અન્ય લોકો સાથે વાતચીતનો વ્યવહાર જાળવવો પડે છે. આ વાતચીતનો વ્યવહાર પ્રત્યાયન છે, જે જીવનનો આધાર છે. આ જ બાબત વર્ગખંડ શિક્ષણકાર્ય પર તેમ જ શાળાનાં ભાવાવરણ પર પણ અસર કરે છે. જેટલું વર્ગખંડમાં શિક્ષકો અને બાળકો વચ્ચેનું પ્રત્યાયન સારું તેટલો વર્ગવ્યવહાર ઉત્તમ ગણાય.

કોઈપણ શાળામાં ઘણી વ્યક્તિઓ કામ કરે છે. આ બધી વ્યક્તિઓ વચ્ચે સંકલન હોય તો શાળાનાં કાર્યો સારી રીતે પાર પડે છે. પ્રત્યાયન એક એવી પ્રક્રિયા છે કે જે શાળાની બધી વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપી, નિર્ધારિત ઉદ્દેશો અનુસાર શાળાના સંચાલનમાં સહાયરૂપ થાય છે. વર્ગખંડ શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષક-વિદ્યાર્થીઓની પ્રત્યાયન પ્રક્રિયાઓમાં સંદેશાઓની આપ-લે થાય છે.

આ આપ-લેમાં વપરાતા સંદેશાઓ

(૧) શાબ્દિક સ્વરૂપે

(૨) અશાબ્દિક સ્વરૂપે

(૩) મિશ્ર સ્વરૂપે હોય છે.

મોટા ભાગે માનવવ્યવહારોનું સંચાલન ભાષાના માધ્યમ દ્વારા એટલે કે શાબ્દિક સ્વરૂપે થાય છે. જેઓનું ભાષાકૌશલ્ય નબળું હોય છે તેઓ અસરકારક પ્રત્યાયન કરી શકતા નથી. આ નબળાઈની વિપરીત હાનિકારક અસરો વર્ગખંડ-શિક્ષણકાર્ય પર થતી જોવા મળે છે.

## (૧) શાબ્દિક પ્રત્યાયન

જ્યારે પ્રત્યાયનમાં સંદેશા શબ્દો દ્વારા એટલે કે ભાષાના ઉપયોગ દ્વારા રજૂ થતા હોય ત્યારે તે શાબ્દિક પ્રત્યાયન બને છે. શાબ્દિક પ્રત્યાયનની કેટલીક લાક્ષણિકતાઓ છે. શાબ્દિક પ્રત્યાયનમાં અક્ષરો શબ્દો બનાવે છે. શબ્દોને વ્યાકરણની મદદથી ગોઠવતાં વાક્યો બને છે. આ વાક્યો વ્યક્તિના વિચારો, સમજણ, મહત્ત્વાકાંક્ષાઓ, માન્યતાઓ અને સંવેદનાઓ – લાગણીઓ અભિવ્યક્ત કરે છે. એટલું જ નહિ, આ સઘળી બાબતોનું એક વ્યક્તિથી બીજી વ્યક્તિ તરફ પ્રસરણ થાય છે અને આના કારણે જ વાક્યોમાંથી મળતા સંદેશાનો ચોક્કસ અર્થ નીપજે છે. ઉદાહરણ તરીકે નીચેના વાક્યમાં ......... જગ્યામાં વારાફરતી 'જ' મૂકવાથી વાક્યના અર્થમાં શો ફેરફાર થાય છે તે જુઓ.

**આજે ........ સાંજે ........ તમારે ........ મારે ........ ઘેર ........ જમવા ........ પધારવાનું છે ........**

શાબ્દિક પ્રત્યાયન દરમિયાન ખાસ સાવચેતી રાખવી પડે છે. કારણ કે સંદેશાનો અર્થ અજ્ઞાનતામાંથી મુક્તિ અપાવે છે, બાળકોને દુભાવે છે, હસાવે છે, શીખવે છે, પ્રોત્સાહન-પ્રેરણા આપે છે, જિવાડે છે, મારે છે, લડાવે છે તેમ જ ભય પણ પેદા કરે છે.

## પ્રવૃત્તિ : OFF AIR

નીચે આપેલ 'પ્રથમ ભાષા કે વિચાર' સંદર્ભિત ચર્ચાપત્રમાં દર્શાવેલ વિધાન માટે તમારો અભિપ્રાય આપો અને તે દરેક પાછળ તેનું સચોટ કારણ રજૂ કરો.

### ચર્ચાપત્ર

### પ્રથમ ભાષા કે વિચાર

**ભાષા :** વિચારવિનિમય માટે માનવજાતે નિપજાવેલી યાદચ્છિક, વાચિક ધ્વનિસંકેતોની વ્યવસ્થા એટલે ભાષા.

**વિચાર :** અનુભવોની આપણા ચિત્ત પર પડેલી છાપ, મુદ્રાઓ કે સંકેતો વચ્ચેના સંબંધો જોડવા એટલે વિચાર.

### વિધાનો

(૧) વિચારવાની ક્રિયા ભાષા ઉપર આધારિત છે, કારણ કે વિચારોની મૌખિક કે લેખિત રજૂઆત તે જ ભાષા છે.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૨) બાળકોની વિચારવાની પ્રક્રિયા ભાષા વિના ચાલે છે.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૩) ભાષા વિના વિચારણા શક્ય છે, કારણ કે બહેરા-મૂંગા લોકો આંગળીઓના, સ્નાયુઓના ઉપયોગ વડે સંકેતથી વિચારો રજૂ કરે છે.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૪) ભાષા એ તો વિચારનું શ્રાવ્ય કે દૃશ્ય સ્વરૂપ છે. આમ, ભાષા જ વિચારોને રજૂ કરે છે. ભાષા વિના વિચાર રજૂ કરી શકાતો નથી.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૫) ભાષા જ નવા નવા વિચારોને જન્મ આપે છે.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૬) નવા નવા વિચારો જ નવી ભાષા જન્માવે છે. ભાષા વિચારની જ શોધ છે.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૭) ભાષા માટે વિચારની આવશ્યકપણે જરૂરિયાત છે, પણ વિચાર માટે ભાષા અનિવાર્યપણે જરૂરી નથી.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

(૮) વિચારોની રજૂઆત ભાષા વડે જ થતી હોય તો ભાષા શીખવતી વખતે શિક્ષકે વિચારોની અભિવ્યક્તિને ખૂબ પ્રાધાન્ય આપવું જોઈએ.

(a) સહમત (b) અસહમત (c) તટસ્થ

## (૨) અશાબ્દિક પ્રત્યાયન → ON AIR

શબ્દો અને ભાષાના ઉપયોગ વગર થતું પ્રત્યાયન અશાબ્દિક પ્રત્યાયન છે.

અશાબ્દિક પ્રત્યાયનને ચાર રીતે વર્ગીકૃત કરવામાં આવે છે. જેમ કે પ્રતીકાત્મક, સંકેતાત્મક, કલાત્મક અને શારીરિક. ખાસ કરીને વર્ગખંડ શિક્ષણકાર્ય દરમિયાન વર્ગવ્યવહારની જરૂરિયાત પ્રમાણે શારીરિક પ્રત્યાયન એટલે કે બૉડી લૅંગ્વેજનો ઉપયોગ કરવાથી વર્ગકાર્ય વધુ અસરકારક બનાવી શકાય અને શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર ઘટાડી શકાય. આમ, ઘણી વખત વર્ગખંડ શિક્ષણકાર્ય દરમિયાન શાબ્દિક માહિતીને વધુ અસરકારક બનાવવા શિક્ષકે ઘણી વાર બૉડી લૅંગ્વેજ એટલે કે ચહેરાના હાવભાવ, અંગોનું હલનચલન, સંકેતો કે સંજ્ઞાઓનો પૂરક પ્રયુક્તિ તરીકે ઉપયોગ કરવો જોઈએ.

### કેટલાક અગત્યના હાવભાવ અને તેમનાં સામાન્ય અર્થઘટનો

(૧) હથેળી ખુલ્લી – ઉપર તરફ, ખુલ્લા હાથ → નિખાલસ, આજ્ઞાંકિત, પ્રમાણિક

(૨) ઊંડો શ્વાસ લઈ મોઢેથી ગરમ ઉચ્છ્‌વાસ, માથું ધુણાવવું → હતાશા, લાચારી, અસહમતિ

(૩) અદબ વાળવી → સંરક્ષણ, અજંપો, અજાણી જગ્યા, શિષ્ટાચાર

(૪) મૂઠી વાળી અદબ વાળવી → ચિંતિત, નર્વસ

(૫) ખુરશીના હાથા પર પગ રાખી બેસવું → બેદરકારી, અસહકાર, ઉદ્ધત

(૬) ખુરશીમાં ઊંધા બેસવું, ખુરશીની પીઠની ઢાલ બનાવવી → પ્રભુત્વ, રોફ – મોભો

(૭) ગોઠણથી પગની આંટી મારી પગ હલાવવો → કંટાળો, અજંપો

(૮) દાઢી કે હડપચી ટપારવી, હાથથી ખરજ કરવી → નિર્ણય લેવો

(૯) ઇરાદાપૂર્વક ચશ્માં ઉતારી કાચ સાફ કરવા → નિર્ણય લેવા વધુ સમય લે છે.

(૧૦) મુઠ્ઠીઓ સ્નાયુઓ પર મારવી → ખાતરી મેળવવા મથે છે.

(૧૧) ખુરશીની ધાર પર બેસવું → સહકાર આપવા તૈયાર, અજંપો, ઉતાવળ

(૧૨) હાથનાં આંગળાં ગરદન પાછળ રાખવાં → સંરક્ષણ, કંટાળો

(૧૩) કાલ્પનિક વસ્તુને લાત મારવી → હતાશા, નિરાશા

(૧૪) નાક ચડાવવું → અણગમો

(૧૫) બંને હાથ માથા પાછળ રાખી પાછળ ઝૂકવું → સત્તાશાહી, આત્મવિશ્વાસ

(૧૬) ખુરશીમાં શરીર હલાવતા રહેવું → તાણ

(૧૭) કપડાં પરથી તાંતણા શોધી ફૂંક મારવી → અવગણના, અસહમત

(૧૮) મોં આગળ હાથ લાવવો → ખોટું બોલવું કે બોલવાનું રોકવું

(૧૯) આંખ ચોળતાં ચોળતાં નજર હટાવવી → અસત્ય છુપાવવું

(૨૦) સ્મિત, હાથ ઊંચો કરી પંજો હલાવવો → સ્વીકાર, ખુશી

(૨૧) માથું ખંજવાળવું → વિસ્મૃતિ, વિચારવું

(૨૨) માથા પર આંગળાંથી ટપારવું → દિલગીરી, પોતાના વર્તન પર ગુસ્સો

(૨૩) નજરથી નજર મેળવવી → આત્મવિશ્વાસ

(૨૪) આંખો પહોળી થવી → આશ્ચર્ય, ખુશી

(૨૫) આંખો ઝીણી, ભ્રમર તાણવી, કપાળમાં કરચલી → ગુસ્સો, સમજણ ન પડવી

(૨૬) ટેબલ કે બુક પર આંગળી ટપારવી કે તબલાં વગાડવાં → અજંપો, તાણ

(૨૭) હથેળીઓ ઝડપથી ઘસવી → અન્યના લાભની વાત

(૨૮) હથેળીઓ ધીમે ધીમે ઘસવી → પોતાના લાભની અપેક્ષા

(૨૯) કોણી ટેબલ પર ટેકવી બંને હાથના પંજા વચ્ચે માથું ટેકવવું → કંટાળો, રસનો અભાવ

(૩૦) વાતચીત કરતી વખતે હાથ ખિસ્સામાં → સંશય, સંરક્ષણ, છુપાવે છે

(૩૧) નખ કરડવા, પેન મોંમાં નાખવી, વાળની લટ પકડવી ચોળવી → ચિંતા, અજંપો, તાણ, અસ્પષ્ટ વલણ

### (૩) મિશ્ર પ્રત્યાયન

જ્યારે પ્રત્યાયનમાં સંદેશાઓ શાબ્દિક અને અશાબ્દિક સ્વરૂપે રજૂ થતા હોય ત્યારે તે પ્રત્યાયનને મિશ્ર પ્રત્યાયન કહે છે.

## પ્રત્યાયનનું મહત્ત્વ

(૧) પ્રત્યાયન એ પ્રેરણાનું માધ્યમ છે, સાધન છે. શિક્ષકોનાં વ્યક્તિગત લક્ષ્યો, આવશ્યકતાઓ અને ભાવનાઓ, લાગણીઓથી જ્ઞાત કરી તેને ઉત્પ્રેરિત કરવા માટે પ્રત્યાયન આવશ્યક છે.

(૨) યોગ્ય નિર્ણય લેવા માટે શિક્ષક / આચાર્ય પાસે જરૂરી માહિતી હોવી આવશ્યક છે. આ માહિતીને વિચારવિમર્શ દ્વારા પ્રાપ્ત કરે છે. પરંતુ એ માટે પ્રત્યાયન ખૂબ જ જરૂરી બને છે.

(૩) પૂર્વાનુમાન કે આગાહી માટે પણ પ્રત્યાયન જરૂરી છે.

(૪) શાળાના કુશળ શિક્ષક / આચાર્યનો આધાર પ્રભાવી પ્રત્યાયનવ્યવસ્થા પર નિર્ભર છે.

(૫) પ્રત્યાયનનું સવિશેષ મહત્ત્વ તો માનવસંબંધો સ્થાપવા, શાળાના શિક્ષકોની સમસ્યાઓ, મુશ્કેલીઓ, અપેક્ષાઓ અને લાગણીઓનું જ્ઞાન શિક્ષક / આચાર્ય પાસે અપેક્ષિત છે. સતત પ્રત્યાયન સિવાય સૌહાર્દપૂર્ણ માનવસંબંધોની સ્થાપના લગભગ અસંભવ છે. પ્રત્યાયન અને માનવસંબંધો એ જોડિયાં બાળકો જેવા છે.

(૬) શાળાના શિક્ષકોનું મનોધૈર્ય વધારવામાં તેમ જ તેનું નિર્માણ કરવામાં પારસ્પરિક વિચારવિમર્શ એટલે કે પ્રત્યાયન અગત્ય ધરાવે છે.

(૭) શંકાઓ અને ગેરસમજ દૂર કરવામાં પ્રત્યાયન મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

(૮) શિક્ષકો વચ્ચે પારસ્પરિક સહયોગ વધારવામાં પ્રત્યાયન ફાળો આપે છે.

(૯) અન્ય શાળાઓ અને શિક્ષકો સાથે સંપર્ક જાળવી રાખવા માટે પ્રભાવપૂર્ણ પ્રત્યાયન પ્રણાલી આવશ્યક છે.

## પ્રત્યાયનની વિશેષતા

(૧) પ્રત્યાયન એ હકીકતો, માહિતી કે સૂચનાઓ સાથે લાગણીઓ, વિચારો, અભિપ્રાયો અને પરસ્પરના સમજનાં આદાન-પ્રદાનની પ્રક્રિયા છે.

(૨) પ્રત્યાયન એ માનવીય આંતરવ્યવહારની એક વ્યવસ્થિત, સતત અને ગતિશીલ પ્રક્રિયા છે.

(૩) પ્રત્યાયન એ વ્યક્તિઓ વચ્ચેનો સમજનો એક સેતુ છે.

(૪) પ્રત્યાયન મૌખિક, લેખિત કે સાંકેતિક હોઈ શકે છે.

(૫) પ્રત્યાયન એ માત્ર સંદેશ આપનારની યોગ્યતા પર જ નિર્ભર નથી, પરંતુ સાંભળનારની યોગ્યતા પર પણ આધારિત છે.

(૬) પ્રત્યાયન એ વ્યક્તિની ભીતરમાં ઘટતી પ્રક્રિયા છે.

(૭) પ્રત્યાયનમાં મતૈક્ય હોવું જરૂરી નથી. પરંતુ એકસરખી સમજ અને સમાન અર્થ હોવાનું જરૂરી છે.

## OFF AIR

- શાળામાં આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, અન્ય વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ – સહકાર કેવો છે તે જાણવા માટેની અભિપ્રાયાવલિ.

| ક્રમ | વિધાન | સહમત | અંશતઃ સહમત | અસહમત |
|---|---|---|---|---|
| ૧. | શાળાના તંદુરસ્ત વાતાવરણ માટે આચાર્ય અને શિક્ષકો વચ્ચેનો સંબંધ સુમેળભર્યો હોવો જરૂરી છે. | | | |
| ૨. | શિક્ષક-શિક્ષક વચ્ચેનો સંબંધ સુમેળભર્યો હોવો જરૂરી છે. | | | |
| ૩. | આચાર્ય દ્વારા શૈક્ષણિક કાર્ય થવું જરૂરી છે. | | | |
| ૪. | શિક્ષકોએ પ્રસંગોપાત્ત આચાર્યને બિનશૈક્ષણિક / વહીવટી કાર્યમાં મદદરૂપ થવું જરૂરી છે. | | | |
| ૫. | શિક્ષકો વિષયવસ્તુમાં પોતાની નબળાઈને દૂર કરવા તજ્જ્ઞ મિત્રો પાસેથી જાણવા હંમેશાં ઉત્સુક હોય છે. | | | |
| ૬. | અનિયમિત બાળકોને નિયમિત બનાવવા માટે શિક્ષકો ક્રિયાશીલ હોય છે. | | | |
| ૭. | શિક્ષકોની લાંબી ગેરહાજરીથી બાળકો બેચેની અનુભવે છે. | | | |
| ૮. | શિક્ષકો બાળકો સાથે આત્મીયતાભર્યો સંબંધ જાળવે છે. | | | |
| ૯. | શિક્ષક અને વાલી વચ્ચે સુમેળભર્યો સંબંધ જોવા મળે છે. | | | |
| ૧૦. | શાળાના વિકાસ માટે આચાર્ય/શિક્ષકોનો ગામ સાથેનો વ્યવહાર તંદુરસ્ત હોવો જરૂરી છે. | | | |
| ૧૧. | શિક્ષકોએ હંમેશાં આચાર્યની વાતનો સ્વીકાર કરવો જોઈએ. | | | |
| ૧૨. | આચાર્ય દ્વારા શિક્ષકોના કાર્યને પ્રસંગોપાત્ત બિરદાવવામાં આવે છે. | | | |
| ૧૩. | શાળાના વિકાસમાં આચાર્ય/શિક્ષક દ્વારા 'મારા થકી શાળાનો વિકાસ થયો છે' તેવું 'હું'પણું જોવા મળે છે. | | | |
| ૧૪. | શાળામાં બાળકોના શૈક્ષણિક પ્રવાસ માટે શિક્ષકોમાં અનેરો આનંદ જોવા મળે છે. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | શાળાની જુદી જુદી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કોઈ એક શિક્ષકને સોંપણી કર્યા વગર સામૂહિક ભાવનાથી કાર્ય થાય છે. | | | |
| ૧૬. | શૈક્ષણિક તાલીમવર્ગ દ્વારા શિક્ષકોની વિષયવસ્તુની સજ્જતામાં ઘણો જ સુધારો થતો જોવા મળે છે. | | | |
| ૧૭. | CRC/BRC કો-ઓર્ડિનેટર દ્વારા શિક્ષકોને શૈક્ષણિક માર્ગદર્શન મળે છે. | | | |
| ૧૮. | CRC/BRC કો-ઓર્ડિનેટર શાળાની મુલાકાત દરમિયાન વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરી શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડે છે. | | | |
| ૧૯. | CRC/BRC કો-ઓર્ડિનેટર દ્વારા સારું કાર્ય કરતા શિક્ષકોને બિરદાવવામાં આવે છે. | | | |
| ૨૦. | કે. નિ. શ્રીઓ દ્વારા શિક્ષકોએ કરેલા સારા કાર્યની પ્રશંસા કરવામાં આવે છે. | | | |

## OFF AIR

## વિચારો ! આપણે કેવા પ્રકારના વાચકો છીએ

વાચકો ચાર પ્રકારના હોય છે. પહેલા પ્રકારના વાચકો કલાક-શીશીને મળતા આવે છે; કેમ કે તેઓનું વાચન કલાક-શીશીમાંથી પસાર થતી રેતી જેવું છે. રેતી જેમ તેની પાછળ એક પગલું પણ પડવા દેતી નથી તેમ આ વાચકો વાંચે છે ખરા, પણ તેમના પર તેની લેશમાત્ર અસર થતી નથી.

બીજા પ્રકારના વાચકોની સ્થિતિ વાદળી (sponge) જેવી છે, કેમ કે, જેમ વાદળી પાણીનું ટીપેટીપું ચૂસી લઈને તેને નિર્વિકાર બહાર ફેંકી દે છે (કદાચ થોડું ગંદું બનાવી આપે તે વિશેષમાં) તેમ આ વાચકો જે વાંચે છે તેને જેવું ને તેવું વ્યક્ત કરે છે.

વાચકોનો ત્રીજો પ્રકાર ગળણી (filter bag)ને મળતો આવે છે, કેમ કે તેઓ જે વાંચે છે તેમાંથી કેવળ શુદ્ધ અને સાચી વસ્તુને જ પસાર થવા દે છે, અને કચરો અને શેષભાગને જમા રાખે છે.

વાચકોના ચોથા પ્રકારની સરખામણી ગોલકાંડાની હીરાની ખાણોના ગુલામો સાથે કરી શકાય, કેમ કે તેઓ દરેક નકામી વસ્તુ બાજુ પર ફેંકી દઈને ફક્ત સાચા હીરાને જ સાચવી રાખે છે.

સાચો વાચક પણ હીરા (મુખ્ય વિચાર)ને અપનાવી લે છે અને અન્ય શબ્દો કે બિનઉપયોગી વાક્યોને છોડી દે છે.

## OFF AIR

## વાચનની ક્ષમતાઓ અને ક્ષતિઓનો સ્પષ્ટ નિર્દેશ આપતી શોધિની (Inventory)

(૧) સામાન્ય રીતે તમારી વાચનની ઝડપ કેટલી છે ?

ખૂબ ઝડપી – ઝડપી – મધ્યમ – ધીમી – બહુ ધીમી

(૨) તમે કેટલું સારી રીતે વાંચી શકો છો ?

ઘણું સારું – સારું – મધ્યમસરનું – ઠીક ઠીક – નબળું

(૩) શું તમારી ઝડપ પાઠ્યપુસ્તક, નવલકથા, છાપું વગેરે વાંચવામાં ઓછીવત્તી થાય છે ?

હા – ના – લગભગ સમાન ઝડપ – ખબર નથી

(૪) વાચનમાં તમારું શબ્દભંડોળ કેવું છે ?

ઉત્તમ – સારું – નબળું

(૫) તમારે વિષયવસ્તુ સમજવા માટે એક જ મુદ્દો વારંવાર વાંચવો પડે છે ?

હા, વારંવાર – કોઈક વાર – ભાગ્યે જ

(૬) વાંચતી વેળાએ ધ્યાન કેન્દ્રિત કરવાનું અઘરું લાગે છે ?

ઘણી વખત – કોઈક વાર – ભાગ્યે જ

(૭) વાંચેલું અઠવાડિયા પછી યાદ કરવાનું તમને અઘરું લાગે છે ?

વારંવાર – કોઈક વાર – ભાગ્યે જ

(૮) વાંચ્યા પછી બધા જ મુદ્દાઓ સમજવામાં તમને ચિંતા રહ્યા કરે છે !

વારંવાર – કોઈક વાર – ભાગ્યે જ

(૯) શબ્દકોશની મદદ લીધા પછી પણ તમને નવા શબ્દોના અર્થ યાદ રાખવામાં મુશ્કેલી પડે છે ?

વારંવાર – કોઈક વાર – ભાગ્યે જ

(૧૦) તમે અત્યારે દિવસમાં કેટલા કલાક વાંચો છો ?

(૧) અભ્યાસક્રમનાં પુસ્તકો..... (કલાક)

(૨) છાપાં.... (કલાક)

(૩) સામયિકો... (કલાક)

(૪) વાર્તા ઇત્યાદિ... (કલાક)

(૫) માહિતીપ્રધાન લેખો... (કલાક)

(૧૧) તમને વાંચવામાં મજા પડે છે ?

હા, ના, ક્યારેક

(૧૨) તમને કયા પ્રકારનું વાચન બહુ ગમે છે ?

અભ્યાસ અંગેનું – વાર્તા – છાપું...

(૧૩) છેલ્લા થોડાક મહિનાઓમાં તમને કોઈ પુસ્તક વાંચવામાં રસ પડ્યો છે ?

ના – હા... તો કયું પુસ્તક ?

(૧૪) કયા પ્રકારનું વાચન તમને અતિશય અઘરું લાગે છે ?

(૧૫) શું તમારી દષ્ટિએ વાચન કરવું જરૂરી છે ?

હા – ના

ઉપરના તમામ પ્રશ્નોના હા, ના કે વિકલ્પ જવાબો વિચારપૂર્વક પૂર્ણ રીતે આપો. 'સાચા' કે 'ખોટા' જવાબો નથી; કે નથી તેમાં ગુણાંકન. તમે આપેલા જવાબ પરથી તમારી વાચનટેવો, વલણો, વાચનની મુશ્કેલીઓ ઇત્યાદિનો સાચો ખ્યાલ આવશે. તેના પરથી તમને કેવા અને કેટલા ફેરફારો કરવા તે પણ સમજાશે.

## અમને સાંભળો તો ખરા ! OFF AIR

ધોરણ ચોથામાં અભ્યાસ કરતો હાઈસ્કૂલના શિક્ષકનો દીકરો હર્ષદ ત્યારે વડોદરાની સ્ટેશન વિસ્તારની એક જાણીતી હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાં ભણતો હતો. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ એક જ મકાનમાં બેસતી હોવાથી સવારે અને બપોરે એમ બે પાળીમાં શાળાઓ ચાલતી હતી. હર્ષદની શાળાનો સમય સવારનો હતો, જ્યારે તેના પિતાની નોકરીનો સમય બપોરનો હતો.

એક દિવસ હર્ષદના પિતા કંઈક કારણસર તેમના નિશ્ચિત સમય કરતાં વહેલા શાળામાં જઈ ચડ્યા. તેમને સ્વાભાવિક રીતે જ તેમના પુત્ર હર્ષદને તેના વર્ગમાં જઈને, મળવાની અને ભણતો જોવાની ઇચ્છા થઈ. તે વર્ગમાં ગયા અને બહારથી જ નજર ફેરવી. હર્ષદ બેઠેલો ન જોતાં તેમણે શિક્ષકને પૂછ્યું :

''મારો પુત્ર આજે શાળામાં નથી આવ્યો ?''

શિક્ષકે પણ સમગ્ર વર્ગ પર દૃષ્ટિપાત કરીને 'ના' કહ્યું ત્યારે પિતાને ધ્રાસ્કો પડ્યો. એમણે પેલા શિક્ષકને સ્પષ્ટતા કરી કે હર્ષદ સવારનો ઘેરથી રોજની જેમ તે દિવસે પણ નિશાળે આવવા નીકળ્યો હતો અને તે કેમ નથી આવ્યો એ પ્રશ્ન છે. અંતે વર્ગશિક્ષકને મળ્યા, તો તે કહે : ''સવારે પહેલા તાસમાં હર્ષદ વર્ગમાં હતો અને તેની હાજરી પણ પૂરવામાં આવી હતી.'' બીજા તાસમાં પણ તે હાજર હોવાનો પુરાવો અન્ય શિક્ષકે આપ્યો. ત્રીજા તાસના શિક્ષકે કહ્યું : ''મેં આજે એને વર્ગમાં જોયો છે, પણ ચોથા તાસમાં તે દેખાયો નહિ.''

''કદાચ ઘેર જતો રહ્યો હોય ! ઘેર તપાસ કરો.'' વર્ગશિક્ષકે સલાહ આપી.

''ત્રીજો તાસ કેટલા વાગે પૂરો થાય છે ?''

''સાડા નવ વાગ્યે.''

''હજી દશ અને દશ મિનિટ થઈ છે. બસસ્ટૅન્ડ પર કે આજુબાજુ તપાસ કરું !'' કહીને એ વત્સલપિતા હર્ષદની ખોજમાં સાઇકલ પર બેસી નીકળી પડ્યા. રસ્તામાં કોઈએ કહ્યું કે તેણે હર્ષદને રેલવેસ્ટેશન પર રમતો જોયો હતો. રેલવેસ્ટેશન પર બારીક તપાસ કરી. દુકાનો, બગીચા વગેરે સ્થળોએ તપાસ કરી નિરાશ થયેલા પિતા અંતે હર્ષદ, જે બસસ્ટૅન્ડથી રોજ બસમાં બેસતો, ત્યાં નજર કરવા ગયા. એમના આત્માને સંતોષ થયો, સાઇકલનું પેડલ ઝડપથી વાગ્યું અને ક્ષણાર્ધમાં તો તે હર્ષદ નજીક જઈ ઊભા રહ્યા. હર્ષદ જે સ્થળે અને જે સ્થિતિમાં ત્યાં બેઠો હતો એ જોતાં જ તેના પિતાને આંખે ઝળઝળિયાં આવી ગયાં.

હર્ષદ બસસ્ટૅન્ડ પાસેના એક આસોપાલવના વૃક્ષ નીચે બેઠોબેઠો ગૃહકાર્ય લખી રહ્યો હતો ! તેનું દફતર આસોપાલવની એક નીચે નમેલી ડાળે લટકતું હતું. હર્ષદ ઉતાવળો ઉતાવળો ગુજરાતી પાઠ્યપુસ્તકના એકથી તેર પાઠના પ્રશ્નોના જવાબ લખી રહ્યો હતો. તેના મુખ પર પ્રસ્વેદબિંદુ છવાયાં હતાં, આંખો થાકી હતી. પિતાને જોતાં જ હર્ષદની આંખોમાંથી દડદડ અશ્રુબિંદુ વહેવા લાગ્યાં.

પિતાએ તેને છાતીસરસો ચાંપી દીધો. તેનું દફતર લઈ તેને સાઇકલ પર બેસાડી તે ઘેર ગયા. ઘેર જઈ તેમણે પોતાના દીકરાને સાંત્વન આપી બારીક પૂછપરછ કરીને નિશાળમાંથી ચાલ્યા જવાનું કારણ શોધ્યું.

હર્ષદે કહ્યું : ''પપ્પાજી, મારા ગુજરાતીના સાહેબે ગઈકાલે અમને પચાસ શબ્દો પાંચ વખત ઘેરથી લખી લાવવાનું કહ્યું હતું. ''જે નહિ લખી લાવે તેને સખત શિક્ષા કરીશ.'' એમ પણ કહેલું. મેં ગઈકાલે રાત્રે ત્રણ વખત શબ્દો લખ્યા હતા. બાકીના હું ન લખી શક્યો. ત્રીજા તાસ પછી એ સાહેબનો તાસ આવે અને મને એ મારે એટલે હું નિશાળમાંથી જતો રહ્યો હતો !''

''નહિ મારે; બેટા; ફરી આવું ન કરતો હોં !'' પિતાએ ફરીથી આશ્વાસન આપ્યું.

''હું તો આવું નહિ કરું પપ્પા, પણ સાહેબ આટલું બધું ગૃહકાર્ય આપે તે કેવી રીતે લખી શકાય ?''

હર્ષદનો આ પ્રશ્ન બાળકોના શિક્ષણ સાથે સંકળાયેલ સૌ શિક્ષકોને માટે ગંભીર સવાલ છે. ગૃહકાર્ય આપવામાં પણ બાળકોની કક્ષા, શક્તિ, સમય, રુચિ ઇત્યાદિ લક્ષમાં ન રાખવાં જોઈએ ?

– શિક્ષક તરીકે તમોને ખાતા મારફત બાળકની કક્ષા અનુસાર ગૃહકાર્ય કેટલું આપવું જોઈએ ? તેનો પરિપત્ર મળેલ હશે, વાંચેલ પણ હશે. તેને ધ્યાનમાં રાખીને જ આપણે જુદા જુદા વિષયો માટે ગૃહકાર્ય આપીશું.

## વર્તન – પરિવર્તન : ON AIR

વ્યક્તિના અંતર્મનમાં રહેલા વિચારો પોતાની કાર્યશૈલીમાં વ્યક્ત કરે તે વર્તન.

દરેક વ્યક્તિ જે કંઈ કાર્ય કરે છે તે પાછળ તેના મનમાં રહેલા વિચારો કે જે વર્તન સ્વરૂપે પ્રગટ કરે છે. આ વર્તન હકારાત્મક હોય અને નકારાત્મક પણ હોય, હકારાત્મક વર્તન પોતાના માટે, સમાજ માટે ઉપયોગી છે, પરંતુ નકારાત્મક વર્તન પોતાને અને સમાજને નુકસાનકારક નીવડે છે.

સમાજના – દેશના વિકાસ માટે ભાવિ પેઢીનું ઘડતર કરવાનું કાર્ય કરતી વ્યક્તિઓ એટલે કે શિક્ષકો, શિક્ષકોનાં વર્તન હકારાત્મક હોવાં ખૂબ જ જરૂરી છે. કારણ કે શિક્ષક દ્વારા જ બાળકને કેળવી દેશનું ભાવિ ઘડવાનું છે. જો શિક્ષકનું વર્તન હકારાત્મક નહિ હોય તો તેની અસર તેના વિદ્યાર્થી પર અચૂક જોવા મળશે.

જે શિક્ષક તરીકે આપણને અત્યારે તરત જ નહીં સમજાય પરંતુ આજનો સમય જતાં – લાંબા ગાળે વિદ્યાર્થી જે પુખ્ત નાગરિક બની ગયેલ હશે તેને તેનો ખ્યાલ આવશે જ કે મારા ઘડતર માટે મારાં માતા-પિતા ઉપરાંત શિક્ષકનો પણ ફાળો રહેલો છે. જ્યારે શિક્ષક તરીકેની આપણી છાપ ઊભી થશે, જે સારી કે ખરાબ – બેમાંથી એક હશે જ. માટે જ આપણે આપણા હકારાત્મક વર્તન દ્વારા આપણા દ્વારા તૈયાર થતાં બાળસ્વરૂપ છોડને પૂરેપૂરા તંદુરસ્ત ખીલવવા જોઈએ. જે ખાસ કરીને ગ્રામ વિસ્તારનાં બાળકો માટે તો ખૂબ જ જરૂરી છે, કારણ કે ગ્રામ વિસ્તારનાં બાળકોનાં વાલીઓ પોતાના ખેતીકામને કારણે બાળકોના વિકાસ માટે બિલકુલ બેદરકાર જોવા મળે છે. ત્યારે આપણે શિક્ષક તરીકે આવાં બાળકોનાં વિકાસ માટે ભગવાને આપણને તક આપી છે તેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી, આપણા અંતરાત્મા વડે આપણે ખૂબ જ નિષ્ઠાપૂર્વક કાર્ય કરીશું.

શાળામાં આપણી પાસે જુદીજુદી જાતિ-જ્ઞાતિનાં બાળકો આવતાં હોય છે. તેમના વર્તનમાં ભિન્નતા જોવા મળે છે. જે ભિન્નતા બાળકો થકી જ હોય છે. પરંતુ શાળામાં એકવાર દાખલ થયા બાદ બાળકનું વર્તન સંપૂર્ણ પોતાના વિકાસ તરફનું બને તે જોવાનું કામ શિક્ષક તરીકે આપણું વધી જાય છે, માટે જ જો બાળકનું વર્તન નકારાત્મક કાર્ય તરફ ખેંચાયેલ જોવા મળે તો શિક્ષક તરીકે આપણે તે થવા પાછળનું કારણ જાણવું ખૂબ જ જરૂરી રહે છે. અને તેના વર્તનમાં પરિવર્તન આવે તેવા પ્રયત્નોમાં લાગી જવું પડે. બાળક ચંચળ છે. તેને પોતાની ઉંમર મુજબ તોફાન કરવાં ગમે જ, પરંતુ આ બધા સાથે પોતાના સ્વવિકાસ માટે પણ ઉપયોગી બને તેવું વર્તન કરવા માટે શિક્ષકે તેમને પ્રેરવાં જોઈએ.

શિક્ષક તરીકે આપણું વર્તન પણ હકારાત્મક હોવું જરૂરી છે. જો આપણે જ નકારાત્મક વર્તન રાખીશું તો બાળક આપણી પાસેથી સારું કંઈ જ નહિ શીખે. શિક્ષક તરીકે આપણું વર્તન એવું હોવું જોઈએ કે જેથી બાળક તેનું અનુકરણ કરે અને તે તેના વિકાસ માટે પગથિયારૂપ સાબિત થાય. શિક્ષક તરીકે આપણે બાળકની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવી જોઈએ. બાળકને નવું જાણવાની ઉત્કંઠા હોય જ, તો તે મુજબ તેને યોગ્ય જવાબ આપી જિજ્ઞાસાવૃત્તિ પૂર્ણ કરવી જોઈએ. આમ શિક્ષક તરીકે આપણું વર્તન બાળકના વિકાસને પ્રેરે છે.

આપણે જાણીએ છીએ કે શહેરી વિસ્તારનાં બાળકોનો બુદ્ધિઆંક સામાન્ય રીતે ગ્રામ વિસ્તારનાં બાળકો કરતાં ઊંચો જોવા મળે છે. એટલે કે શહેરી વિસ્તારના શિક્ષકો કે જે પ્રાઇવેટ સંસ્થામાં અધ્યાપનકાર્ય કરાવે છે તેઓએ તો વર્તમાન સ્થિતિનું જ્ઞાન તેમ જ શિક્ષણના નૂતન પ્રવાહ અંગેનું જ્ઞાન અવશ્ય રાખવું જરૂરી છે. અન્યથા તેઓ વિદ્યાર્થીઓ સામે વર્ગમાં ઊભા રહેતાં, મુશ્કેલી અનુભવશે અને તેના કારણે તેના વર્તનમાં પણ ફેરફાર થશે. આવી પરિસ્થિતિ ગ્રામકક્ષાએ પણ ક્યારેક જોવા મળે જ છે. આવા સમયે શિક્ષકે પોતાના વર્તન પર કાબૂ રાખવો જરૂરી છે. તેમ જ બાળકને સંતોષજનક ઉત્તર આપવા પ્રેરાય તેવું વર્તન જરૂરી બને છે.

આમ શિક્ષક તરીકે આપણે આપણું વર્તન હકારાત્મક રહે તેવું રાખવું જરૂરી છે કે જેથી બાળકો શિક્ષકને લાંબા સમય સુધી યાદ રાખે :

## ચર્ચાપત્ર OFF AIR

(૧) શાળાકીય પર્યાવરણની અસર શિક્ષકના વર્તન પર જોવા મળે છે ? કઈ રીતે ?

(૨) શિક્ષકો-શિક્ષકો વચ્ચેના સંબંધની અસર શિક્ષક તરીકે પોતાના વર્તન પર થાય છે ? ચર્ચો.

(૩) શિક્ષકનાં વ્યસનો આદતોની અસર વિદ્યાર્થીઓ પર થાય છે.

(૪) શિક્ષક પોતાના વ્યસનની બુરાઈ વિદ્યાર્થીઓ દ્વારા સાંભળી શકે છે ?

(૫) શિક્ષક પોતાના વ્યસનની બુરાઈ સહાયક શિક્ષકો દ્વારા થતી સાંભળી શકે છે ?

(૬) વ્યસન સંબંધી વક્તવ્યનું આયોજન શિક્ષક દ્વારા થવું જોઈએ.

(૭) વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન આવે તે માટે પ્રયત્નો કરવા જરૂરી લાગે છે ?

### વર્તન-પરિવર્તન : ON AIR

શિક્ષકને પ્રાપ્ત થયેલી કેટલી નૈસર્ગિક શક્તિઓ અને કૌશલ્યોમાં તેની ચિંતનશક્તિ શ્રેષ્ઠ છે. કેમકે તેના પરિણામે જ તે સમગ્ર શિક્ષણ વ્યવહાર ઉપર સર્વોપરિતા સ્થાપી શક્યો છે. પરંતુ કરુણા એ વાતની છે કે સામ્પ્રત સમયમાં શિક્ષક ઝાઝું વિચારવા પ્રેરિત થતો નથી. કોઈપણ કાર્ય કે પ્રવૃત્તિની સફળતાનો આધાર તે અંગેના ગંભીર વિચાર પર તેમ જ વ્યક્તિલક્ષી કાર્ય પ્રવૃત્તિ કે સમાજલક્ષી, રાષ્ટ્રિય સ્તરની હોય કે વૈશ્વિક તેની સફળતાના મૂળમાં ચિંતન રહેલું છે. ચિંતન એટલે આયોજન, ગણતરી, માપન, પ્રયોગ, મૂલ્યાંકન, પ્રેમ, રુચિ, સહકાર વગેરે તત્ત્વોના સંયોજન વિના કોઈ કાર્યસાધના શક્ય બનતી નથી કે સફળતા મળતી નથી.

શિક્ષક-પરિબળને હરહંમેશ જાગ્રત અને ગતિશીલ રાખવામાં જે બાબત નોંધપાત્ર ભૂમિકા ભજવે છે તે તેનું ચિંતન; ચિંતનની પ્રક્રિયાને જેણે પચાવી નથી તે શિક્ષક નથી. ચિંતનના પ્રવાહમાં જે પ્રસન્નતાપૂર્વક તરતો અને તણાતો નથી, જેનો આત્મા કદીયે સંવેદનશીલ બનતો નથી, સર્જનશીલ થતો નથી અને આ બે મનોવ્યાપારમાં જોડાતો નથી તેને શિક્ષક કઈ રીતે કહી શકાય ? આ સમગ્ર બાબતને સ્વીકારીને શિક્ષકે પોતાનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આ માટે આપણે સહુ થોડાક પ્રશ્નોના પ્રામાણિકપણે સાચા ઉત્તરો આપીશું ખરા ?

(૧) મેં સ્વીકારેલા મારા અધ્યાપન વ્યવસાયને શું હું ચાહું છું ખરો ? કેટલે અંશે ?

(૨) જો હું ચાહું છું તો મને મારા વ્યવસાયનું ગૌરવ છે ખરું ? વ્યવસાયિક ગરિમા જાળવવા હું સજાગ રહું છું ?

(૩) મારી વ્યવસાયિક જવાબદારી અને તેની ગંભીરતાથી હું કેટલો સજાગ રહું છું ?

(૪) અધ્યાપનશાસ્ત્ર, મનોવિજ્ઞાન, બાલમાનસ ઇત્યાદિ સંલગ્ન બાબતો વિશે હું વિચારું છું ખરો ? તે માટે મારું ચિંતન, મનન, વાચન કેટલું ?

(૫) મારી વ્યવસાયિક તજ્જ્ઞતા, તેનો અસરકારક વિનિયોગ અને નિષ્પત્તિના મૂલ્યાંકન અંગે હું કેટલે અંશે જાગ્રત અને સંવેદનશીલ છું ?

(૬) મારા વ્યવસાયને અધિક સંપન્ન અને ફળદાયી બનાવવા હું કશુંક નવું વિચારું છું ખરો ? કોઈક નવો અભિગમ અપનાવું છું ? કોઈક નવરચના કરું છું ? ક્યારેક નોંધપોથીમાં કંઈક નોંધું છું ?

(૭) હું મારા વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ, લાગણી અને ચિંતા દાખવીને તેમને સહાયભૂત થવાની અને તેમની સમસ્યાઓ ઉકેલવાની ઉત્સુકતા ધરાવું છું ?

(૮) હું મારા વિદ્યાર્થીઓમાં તન-મનનું સ્વાસ્થ્ય, નિયમિતતા, સુઘડતા, પ્રામાણિકતા, માનવતા, સહકાર જેવાં કેટલાંક મૂલ્યોનો વિકાસ થાય તે દિશામાં કશુંક કરું છું ખરો ?

(૯) મારા વિદ્યાર્થીઓમાં સુષુપ્ત પડેલી તનમનની અઢળક શક્તિઓને ઢંઢોળીને તેમને કામે લગાડવાની પ્રેરણા આપું છું ખરો ?

(૧૦) હું વિદ્યાર્થીઓ, અન્ય શિક્ષકો, વાલીઓ તથા સમાજનાં અન્ય લોકો પ્રત્યે માનવીય સંબંધો ધરાવું છું ખરો ?

## સમયપાલન : ON AIR

સાંપ્રત સમયમાં પ્રત્યેક વ્યવસાયિક ક્ષેત્રમાં સમયનું વ્યવસ્થાપન કરવાની તાતી જરૂર દેખાય છે. કોઈપણ કાર્યની સફળતા કે સિદ્ધિ જો તે નિશ્ચિત સમયે થાય તો જ મળી શકે. જે કામ જ્યારે થવું જોઈએ તે કામ ત્યારે ન થાય તો તેનું મૂલ્ય અને અર્થ બંને ઘટી જાય છે. સમયનું આયોજન અને પાલન બંને બાબતો શિક્ષણસંસ્થામાં તેમ જ વર્ગખંડમાં ખૂબ જ જરૂરી છે. શિક્ષકના વર્તન-પરિવર્તનમાં તેમ જ શાળા અને વર્ગખંડમાં નીચેના જેવા મુદ્દાઓને અનુલક્ષીને સમયપાલન ખૂબ જ જરૂરી છે.

(૧) સમગ્ર વર્ષના કાર્યદિવસો વર્ષના પ્રારંભે નક્કી કરીને માસ વાર, સપ્તાહ વાર અને દિવસ વાર કાર્યનું આયોજન કરવું. તેમાં દરેક વર્ગનું સમયપત્રક પણ સમાવી લેવું. વર્ષ દરમિયાન લેવાનારી નાનીમોટી કસોટીઓ, ઊજવવાના ઉત્સવો, યોજવાના પ્રવાસો, રજાઓ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો અને તેનું અચૂક પાલન કરવું.

(૨) શાળાના દૈનિક કાર્યનું સમયબદ્ધ આયોજન કરવું અને તેનું અચૂક ચુસ્ત પાલન કરવું.

(૩) વર્ગ સમયપત્રકના તમામ તાસ જે સમયે શરૂ થાય અને પૂરા થાય તેનો તેમાં સ્પષ્ટ નિર્દેશ કરવો અને મિનિટના પણ ફેરફાર વગર અમલ કરવો.

(૪) શિક્ષકોએ તાસ બદલાયાના બેલના ટકોરે વર્ગમાં દાખલ થવું અને તાસ પૂરો થવાનો નિર્દેશ મળે ત્યાં સુધી નિશ્ચિત વર્ગપ્રવૃત્તિ કરવી.

(૫) શિક્ષકે લેખનકાર્ય, કસોટીની ઉત્તરવહીઓ વગેરે કાર્ય નિશ્ચિત સમય મર્યાદામાં તપાસીને વિદ્યાર્થીઓને પરત કરવાં.

(૬) ગૃહકાર્ય પણ સમયાંતરે આપવું અને નક્કી કરેલા દિવસે તપાસી લેવું.

(૭) સમયપાલનના ચુસ્ત આગ્રહ સાથે વર્ગનું વાતાવરણ, પરસ્પરનો વ્યવહાર અને આંતરક્રિયા શક્ય તેટલે અંશે, પ્રસન્ન, હળવાં અને મુક્ત રાખવાં.

## સ્વમૂલ્યાંકનપત્રક OFF AIR

| ક્રમ | વિધાન | હા | ના | અન્ય |
|---|---|---|---|---|
| (૧) | સત્રની શરૂઆતમાં શાળાના અન્ય શિક્ષકોના સહયોગથી આયોજન તૈયાર કરો છો ? | | | |
| (૨) | તમને તમારા ક્ષેત્રનું સારું જ્ઞાન છે ? | | | |
| (૩) | વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરવા જાઓ ત્યારે તમે તેનું અગાઉથી યોગ્ય આયોજન કરો છો ? | | | |
| (૪) | શું તમને સર્વ-શિક્ષા-અભિયાન-મિશનના હેતુઓની જાણકારી છે ? | | | |
| (૫) | શું બાળકો તમારી સૂચનાઓને સરળતાથી સમજી શકે છે ? | | | |
| (૬) | શું બાળકો તમારા વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય દરમિયાન સક્રિય રહે છે ? | | | |
| (૭) | શું તમે વર્ગખંડમાં વિનોદવૃત્તિનો ઉપયોગ કરો છો ? | | | |
| (૮) | શું તમે તમારા વર્ગખંડનાં બાળકોને માનથી બોલાવો છો ? | | | |
| (૯) | શું તમે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વચ્ચે ફરવાનું પસંદ કરો છો ? | | | |
| (૧૦) | શું તમે બાળકોની સમસ્યાઓને ધ્યાનથી સાંભળો છો ? | | | |
| (૧૧) | શું તમે તમારા વર્ગખંડનાં તમામ બાળકોનાં નામ જાણો છો ? | | | |
| (૧૨) | શું તમે બાળકો સાથે ધમકીભર્યો વ્યવહાર કરો છો ? | | | |
| (૧૩) | શું તમે બાળકોને જે કંઈ ધમકી આપો છો તેનો ખરેખર અમલ કરો છો ? | | | |
| (૧૪) | જ્યારે બાળકો વર્ગખંડમાં કોઈ પ્રવૃત્તિમાં રસ લેતાં ન હોય ત્યારે તે પ્રવૃત્તિને તમે છોડી દો છો ? | | | |

❒

# વ્યવસાયિક સજ્જતા– ON AIR

**પ્રસ્તાવના :** અસરકારક વર્ગવ્યવહાર માટે શિક્ષકે પોતાની વ્યવસાયિક સજ્જતા કેળવી લેવી જોઈએ. આ માટે વિષયવસ્તુ પરની શિક્ષકની પકડ મજબૂત તથા વિષયવસ્તુને રજૂ કરવાની રીત અસરકારક હોવી જોઈએ. સંશોધન કરી તેનો ઉકેલ લાવી શકે તેવી શક્તિ શિક્ષકમાં હોવી જોઈએ. આ ઉપરાંત શિક્ષક નવી નવી શોધોથી તથા નવી પદ્ધતિઓથી વાકેફ હોવો જોઈએ અને વર્ગકાર્ય દરમિયાન તેને તેનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ.

**વિષયવસ્તુ :** વિષયવસ્તુ એ અસરકારક વર્ગવ્યવહાર માટે સૌથી અગત્યનું પરિબળ છે. તમે વિષયવસ્તુમાં નિષ્ણાત હશો તો જ તમારો આત્મવિશ્વાસ વધશે અને વિષયવસ્તુની સાચી માહિતી વિદ્યાર્થી સમક્ષ પહોંચાડી શકશો. જો તમારું વિષયવસ્તુ કાચું હોય અને તમે સારી રજૂઆત કરી સારો વર્ગવ્યવહાર કરી શકતા હો તો તમે વિદ્યાર્થીઓને અન્યાય કરી રહ્યા છો. શિક્ષકે વિદ્યાર્થીના જીવનનો પાયો નાખવાનો હોય છે. વિદ્યાર્થીની જિજ્ઞાસા પૂર્ણ કરવાની હોય છે. વિદ્યાર્થીના મનમાં ઊઠતા પ્રશ્નોનું સમાધાન કરવાનું છે. વિદ્યાર્થીને સંતોષ થાય તેવો સાચો અને સરળ ભાષામાં જવાબ આપવાનો હોય છે. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે શિક્ષક વિષયવસ્તુ પર પ્રભુત્વ ધરાવતો હોય.

**વિષયવસ્તુની રજૂઆત :** વિષયવસ્તુ અને વિષયવસ્તુની રજૂઆત આ બંને સિક્કાની બે બાજુ જેવી છે. વિષયવસ્તુની પારંગતતા પછી વર્ગવ્યવહારને અસર કરતું અગત્યનું પરિબળ વિષયવસ્તુની રજૂઆત છે. વિષયવસ્તુ પરની પકડ ઘણી સારી હશે પરંતુ તેની રજૂઆત સારી નહિ હોય તો ચોક્કસપણે આપણો વર્ગવ્યવહાર નિષ્ફળ જશે અને વિદ્યાર્થીઓમાં જે પહોંચાડવાનું છે તે આપણે પહોંચાડી શકીશું નહિ. વિષયવસ્તુની રજૂઆત માટે શિક્ષકની પૂર્વતૈયારી, યોગ્ય અને ઉંમરને આધારિત ઉદાહરણો, વાર્તા દ્વારા શિક્ષણ, ગીત દ્વારા શિક્ષણ, પ્રવાસ દ્વારા શિક્ષણ, રમત દ્વારા શિક્ષણ, કમ્પ્યુટર દ્વારા શિક્ષણ, T.L.M. દ્વારા શિક્ષણ, અનુભવ દ્વારા શિક્ષણ, પ્રયોગ દ્વારા શિક્ષણ, નિદર્શન પદ્ધતિ, શ્રાવ્ય સાધન દ્વારા શિક્ષણ, આમ ઘણી પદ્ધતિ અને પ્રયુક્તિઓ દ્વારા શિક્ષણકાર્ય કરવાથી આપણો વર્ગવ્યવહાર અસરકારક બને છે.

શિક્ષકે એક સારા સેલ્સમેન બનવાનું છે અને વિદ્યાર્થીઓમાં શિક્ષણને વહેંચવાનું છે. લગ્નપ્રસંગે કે અન્ય પ્રસંગે સારી રસોઈ બનાવી હોય આમ છતાં જો પીરસવાનું આયોજન બરાબર ન હોય તો લોકોને આયોજક પ્રત્યે અણગમો ઊભો થાય છે. તે જ રીતે વિષયવસ્તુની જાણકારી છતાં યોગ્ય રીતે તેની રજૂઆતના અભાવે વિદ્યાર્થીઓને શિક્ષક પ્રત્યે અણગમો ઊભો થાય છે.

વિષયવસ્તુની રજૂઆતમાં બોલી અને ભાષાની શૈલી પણ અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષકે જે તે વિસ્તારની બોલી શીખીને તેના અનુસંધાને શિક્ષણકાર્ય સમજાવવું જોઈએ. શિક્ષકની ભાષા વિદ્યાર્થીથી સરળતાથી સમજી શકાય તેવી હોવી જોઈએ.

**પૂર્વતૈયારી :** શિક્ષકે વર્ગખંડમાં જે કાંઈ શિક્ષણકાર્ય કરાવવાનું હોય તેનું પૂર્વઆયોજન અને પૂર્વતૈયારી

કરવી જરૂરી છે. જેમ કે પ્રયોગ કરાવવાનો હોય તો તે માટેનાં જરૂરી સાધનો ભેગાં કરવા તથા પ્રયોગ કરી તેનું અવલોકન કરીને ચકાસી લેવું જોઈએ. કમ્પ્યુટર દ્વારા શિક્ષણ કરાવવાનું હોય તો તેને સંબંધિત પ્રત્યેક બાબતને ચકાસી લેવી જરૂરી છે. ઓડિયો સીડી કે ઓડિયો કેસેટ સંભળાવવાનાં હોય તો તે સીડી કે કેસેટ યોગ્ય છે કે કેમ તે તથા તેનું પ્લેયર કાર્યરત છે કે કેમ તે ચકાસી લેવું જોઈએ.

પૂર્વતૈયારી સાથે કરેલ કામની ગુણવત્તા અને અસરકારકતા વધારે હોય છે. સાથે વિદ્યાર્થીઓનો સમય બચાવી શકાય છે અને વર્ગવ્યવહાર જીવંત બને છે.

**ઉદાહરણો :** કેટલીક વાર ઘણી અઘરી બાબત હોય પણ સચોટ અને સમજી શકાય તેવા ઉદાહરણ દ્વારા એ બાબતને એકદમ સરળતાથી સમજાવી શકાય છે અને વિદ્યાર્થીના શિક્ષણ પ્રત્યેના રસને વધારે છે. જેમકે સજાતીય – વિજાતીય પદો સમજાવવા માટે ચીકુ અને કેળાનું ઉદાહરણ સમજીએ, ૩ ચીકુ અને ૪ કેરીનો સરવાળો કેટલો થાય ? તો જવાબ આવે કે તેનો સરવાળો થઈ શકે નહિ પરંતુ ૩ ચીકુ અને ૪ ચીકુ અથવા ૩ કેરી અને ૪ કેરીનો સરવાળો થઈ શકે એટલે જે સરખાં છે તે સજાતીય પદો છે. તે જ રીતે પ્રોટોન અને ઇલેક્ટ્રોનના વજનની સરખામણી કરાવવી હોય તો હાથી અને કીડીનું ઉદાહરણ આપી શકાય. આ ઉપરાંત વ્યસનની આપણા શરીર પર ધીરી અસર થાય છે તે સમજાવવા માટે ક્રમિક જેની જ્વાળા ઓછી થતી હોય તેની પર હાથ મુકાવીને સમજ આપી શકાય.

**વાર્તા / ફિલ્મ ક્લિપિંગ્સ :** વાર્તા અથવા તો ફિલ્મ એ લગભગ મોટા ભાગના વિદ્યાર્થીઓને ગમે છે. ઉપરાંત તે અસરકારક પણ છે. વાર્તા કે ફિલ્મને કારણે વિદ્યાર્થીઓમાં રસ ઉત્પન્ન થાય છે અને તેમાં એકાગ્રતા વધે છે અને એકાગ્રતાને કારણે વિદ્યાર્થીઓમાં શિક્ષણ ગ્રહણ કરવાની શક્તિમાં વધારો થાય છે અને શિક્ષકનો વર્ગવ્યવહાર અસરકારક બને છે.

**ગીત દ્વારા શિક્ષણ :** વર્ગવ્યવહાર દરમિયાન શિક્ષક એક જ પદ્ધતિ દ્વારા દરરોજ શિક્ષણકાર્ય કરે તો વિદ્યાર્થીઓને અણગમો ઊભો થાય છે. બાળકોને ગીતો વધારે ગમે છે. માટે ગીત દ્વારા શિક્ષણ આપવાથી શિક્ષણકાર્ય અસરકારક બને છે. અને ગીત ગાતાં ગાતાં તે શીખે છે. દા.ત. ક્રિયાપદ શીખવવાં છે તો નીચેનું ગીત ગવડાવી શકાય.

### रेल का खेल

कलकत्ते से आई रेल,
आओ भाई खेलें खेल ।
राजु सीटी बजाएगा,
मोहन झण्डी दिखाएगा,
सुनील इंजन चलाएगा,
बड़ा मज़ा तब आएगा ।
कलकत्ते से आई रेल...

गीता गाना गाएगी,
मीरा ताली बजाएगी,
बाबू नाच दिखाएगा,
बड़ा मज़ा फिर आएगा ।
आओ आओ खेलें खेल,
सब मिल कर बनाओ रेल ।
दो मिल कर इंजन बन जाओ,
सीटी देकर रेल चलाओ ।
झण्डी हरी दिखाऊँगा मैं
सीटी तुरंत बजाऊँगा मैं ।
छुक-छुक, छुक-छुक चलती रेल,
आगे बढती जाती रेल ।

આ ગીત દ્વારા આપણે વિદ્યાર્થીઓને ક્રિયાપદની સરસ સમજૂતી આપી શકીએ.

**નિદર્શન પદ્ધતિ :** કેટલીક બાબતો કે કેટલાક પ્રયોગો જેનાં સાધનો ઓછાં હોય અથવા વિદ્યાર્થીને નુકસાનકારક હોય ત્યારે વિદ્યાર્થીઓને નિદર્શન કરી સિદ્ધાંત કે ગુણધર્મોની સમજૂતી આપવી જોઈએ. દા.ત. ધાતુ-અધાતુના ગુણધર્મો સમજાવવા, Fuse વિશેની સમજૂતી આપવી, બંધ અને ખુલ્લા પરિપથની સમજૂતી આપવી.

**પ્રવાસ / મુલાકાત :** વિષયવસ્તુમાં કેટલીક બાબતો એવી હોય છે કે જેને વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવવા કરતાં તેને બહાર મુલાકાતે અથવા પ્રવાસમાં લઈ જઈને શિક્ષણકાર્ય કરાવી શકાય. જેમાં વિદ્યાર્થીને એમ લાગતું નથી કે શિક્ષક શિક્ષણકાર્ય કરાવી રહ્યા છે અને વિદ્યાર્થી તેને સરળતાથી શીખી લે છે. દા.ત. બૅન્કની મુલાકાત, ડેમની મુલાકાત, દુકાનની મુલાકાત, કાપડની દુકાન, ડેરી, નર્સરી વગેરે. આમ આપણી આસપાસની પર્યાવરણીય અનુકૂળતાને અનુસંધાને આ કાર્ય કરાવી શકાય.

**અનુભવ :** એવું કહેવાય છે ને કે અનુભવે ઘણું શિખાય અને અનુભવે શીખેલ કે મેળવેલ જ્ઞાન કાયમી હોય છે. દા.ત. આંખ, કાન, નાકનાં કાર્યો.

## OFF AIR

**પ્રવૃત્તિ :** OFF AIR દરમિયાન શિક્ષકોને અલગ અલગ જૂથમાં વિષયવાર જેટલી શક્ય હોય તેટલી વાર્તાઓ તૈયાર કરાવવી.

- ઉદાહરણો તૈયાર કરાવવાં
- ફિલ્મ ક્લિપિંગ્સનું લિસ્ટ તૈયાર કરાવવું
- અનુભવ દ્વારા શિક્ષણ આપી શકાય તેવા મુદ્દા
- ગીત તૈયાર કરાવવાં.

❒

# શિક્ષકની ભૂમિકા અને જવાબદારી

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે વિદ્યાર્થીના guide, friend and philosopher તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય જ છે.

## Teacher as a facilitator and a co-learner :

આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. આજે શાળામાં વિદ્યાર્થી 'empty mind' સાથે આવતો નથી, કારણ કે વિવિધ માધ્યમો ટીવી, રેડિયો, news paper અને movie દ્વારા અનેકવિધ જ્ઞાન પિરસાઈ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી વિદ્યાર્થીઓના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં facilitator તરીકે વર્તવાનું છે. તેના માટે શિક્ષકે ચીલાચાલુ lecture methodના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, group work, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસપદ્ધતિ સ્વીકારવી જોઈએ. દા.ત. 'આપણા વ્યવસાયકાર' પાઠમાં Pictureની મદદથી 'કુંભાર'ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે વિદ્યાર્થીઓને લઈ જવા અને નિરીક્ષણ અને જાતઅનુભવથી વિદ્યાર્થીઓ કુંભારનું કાર્ય, ઉપયોગ થતાં સાધનોથી વાકેફ બને અને તે જ્ઞાન ચિર સ્થાયી બનાવે. જો શિક્ષક Facilitatar તરીકે વર્તશે તો વિદ્યાર્થીઓમાં શીખવાનો ઉત્સાહ અનેરો જોઈ શકાય છે.

## Teacher as a Counsellor and a guide :

દરેક વ્યક્તિના જીવનમાં શાળાનાં સંભારણાં યાદગાર બની રહે છે. આપણે જો યાદ કરીએ તો આપણા જીવનમાં કેટલાક શિક્ષક આપણને આદર્શરૂપ બને છે તેવા શિક્ષકો પોતાનામાં રહેલા ગુણોને કારણે વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે. શિક્ષકે Counsellor તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણ, શાળા પર્યાવરણ, મિત્રો અને કુટુંબને લગતા પ્રશ્નો જાણી તેને દૂર કરવા વિદ્યાર્થીઓનું Counselling કરવું. સલાહકાર તરીકે શિક્ષકે લાગણીશીલ, પ્રેમાળ બનવું અને વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી તેમના મિત્ર બનવું.

જો શિક્ષક વિદ્યાર્થીઓના વ્યક્તિગત ગુણો અને સ્વભાવથી પરિચિત બને તો કોઈપણ વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત ફેરફાર લાવી શકાય છે. ઉદાહરણ તરીકે તોફાની બાળકો તેમનાં તોફાનો માટે શાળામાં જાણીતાં હોય છે. એક વાર એક તોફાની વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓ સાથે શાળાએથી ભાગી જઈ ફિલ્મ જોવા ગયો. બીજા દિવસે શાળામાં પ્રાર્થના સમય દરમિયાન તે વિદ્યાર્થીને શાળામાંથી નાસી જવાનું કારણ પૂછવામાં આવ્યું. તે વિદ્યાર્થીએ સાચું જ કારણ આપ્યું. આવા સંજોગોમાં સામાન્ય રીતે શિક્ષકો વિદ્યાર્થીને સજા ફટકારતા હોય

છે, પરંતુ અહીં શિક્ષકે વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની સજા કર્યા વિના તેની સાચું બોલવાની બાબતને જાહેરમાં બિરદાવી અને ત્યાર બાદ વિદ્યાર્થીને અંગત રીતે બોલાવી શાળાએથી ભાગી ન જવા માટે પ્રેમથી સમજાવ્યું. પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીએ આજીવન સત્યનો રસ્તો અપનાવ્યો. શિક્ષકે હંમેશાં વિદ્યાર્થીઓની ભૂલ બદલ સજા ન કરતાં તેમને એક વાર સુધરવાની તક આપવી જોઈએ.

## Teacher as a classroom Manager :

વર્ગખંડ વ્યવસ્થાપન એટલે તમે શાળામાં વિદ્યાર્થીઓ સાથેનો સમય વધુ અસરકારક બનાવવો તે ''અસરકારક વર્ગ વ્યવસ્થાપન માટે નીચેના steps ધ્યાનમાં લેવા જોઈએ.

૧. **Always start Positively** : હકારાત્મક અને આનંદદાયી અભિગમ હંમેશાં વિદ્યાર્થીઓ પર હકારાત્મક અસર ઊભી કરે છે.

૨. **Know Where You are Starting from** : તમે વર્ગની શરૂઆત ક્યાંથી અને શાનાથી કરશો તેનું આયોજન પહેલેથી વિચારી લેવું જોઈએ.

૩. **Know where are you going** : તમારા periodના અંતે વિદ્યાર્થીઓ કેટલું શીખશે તે અંગેની તમારી અપેક્ષાઓ સ્પષ્ટ કરી લો. આનાથી તમારે કયા પ્રકારની સામગ્રી, સાહિત્ય અને અન્ય વસ્તુઓની જરૂર પડશે તે સ્પષ્ટ બને છે.

૪. **Know what resource you will need** : શરૂઆતથી વિચારી લો કે કયા પ્રકારની સામગ્રી તમારી પ્રવૃત્તિ / શિક્ષણને સરળ અને આનંદદાયી બનાવે જેનાથી વિદ્યાર્થીઓ એકરસ બની પ્રવૃત્તિમય રહે.

૫. **Have a back up material or activities in hand** : વિદ્યાર્થીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શિક્ષકે પહેલેથી જ વધારાની પ્રવૃત્તિઓનું આયોજન કરી લેવું જોઈએ. જે વિદ્યાર્થી હોશિયાર છે અને નિબંધ, વાચન, દાખલા વગેરે વહેલું પૂરું કરે તો તેમને વ્યસ્ત રાખવા આવા પ્રકારની પ્રવૃત્તિઓ શિક્ષકે હાથ ધરવી જોઈએ.

## OFF-AIR પ્રવૃત્તિઓ :

૧. તમારી કારકિર્દીની યાદગાર ઘટના કઈ છે ? કે જેણે તમને અંતરથી આનંદ આપ્યો હોય તે યાદ કરી લખો.

૨. પ્રથમ બધા પોતાની શક્તિઓ લખે. ત્યારબાદ દરેક ને એક કાગળ પીઠ પર ચોટાડી આપવો. તે કાગળ પર તેના સાથીઓ તેમના વિશેની સારી બાબતો, શક્તિઓ લખે. છેલ્લે પોતે લખેલી અને બીજાએ લખેલી શક્તિઓ સરખાવી પોતાને ઓળખે. (આ માટે દરેક CRCCએ કાગળ અને સેલો ટેપ તૈયાર રાખવી.)

❐

# હકારાત્મક વલણ

**પ્રાસ્તાવિક :**

બાળપણથી આપણે જાતજાતના નિષેધોમાં ઘેરાતા રહીએ છીએ. બાળકને મોટે ભાગે જે કંઈ સૂચનાઓ અપાય છે એ નકારમાં જ અપાય છે. 'મોટેથી બોલવાનું નહિ, ડાબા હાથે ખાવાનું નહિ, મોટેથી રડવાનું નહિ, બહુ ખા-ખા કરવાનું નહિ' વગેરે... પરંતુ આ જ વાત હકારાત્મક રીતે પણ શીખવી શકાય છે, જેમકે 'ધીમેથી બોલીએ તો બધાંને ખૂબ સારું લાગે, બીજાં બધાં જમણા હાથે ખાય છે તો આપણે પણ જમણા હાથે ખાઈએ તો સારું લાગે, રડવું આવે તો ધીમેથી રડાય, ભાવતી વસ્તુ ખવાય પણ થોડી ખવાય.' મનોવિજ્ઞાન પણ કહે છે કે હકારાત્મક સૂચનો હંમેશાં ધારદાર અસર કરે છે. પરંતુ આપણા નકારાત્મક સૂચનોની અસર કેટલી ઘાતક નીવડે છે એનો આપણને અંદાજ હોતો નથી. ડાબા હાથે ખાનાર બાળકને એમ નહિ કરવા ધમકાવવામાં અથવા એના ડાબા હાથ પર મારવામાં આવે તો એ કદાચ જમતી વખતે ડાબા હાથનો ઉપયોગ કરવાનું બંધ તો કરશે, પરંતુ એથી એના મનના ઊંડા ખૂણે ડાબા હાથ તરફ અપરાધભાવ થશે, એટલું જ નહિ, જમણા હાથ પ્રત્યેનો અહોભાવ જાગશે નહિ. લાંબા ગાળે આવું વલણ વ્યક્તિત્વના નબળા પાસા તરીકે વિકસે છે.

ડેલ કાર્નેગીએ એક બહુ સરસ વાત કરી છે : નકારાત્મક વાતની શરૂઆત પણ હકારાત્મક રીતે થવી જોઈએ. નકાર રસ્તો બંધ કરી દે છે. જ્યારે હકાર રસ્તા ખોલી આપે છે. નકાર આત્મવિશ્વાસને હણી લે છે, જ્યારે હકાર આત્મવિશ્વાસનો ગુણાકાર કરે છે. સવાલ માત્ર એવી દૃષ્ટિનો જ છે. સફળ માણસ અને સુખી માણસ પોતાના જીવનની ઊણપો અને નિષ્ફળતાઓને એક બાજુએ મૂકીને સિદ્ધિઓ અને સફળતાઓને નજર સમક્ષ રાખે છે. હકારાત્મક વલણ જ સુખ અને સફળતાનો રાજમાર્ગ છે.

## વલણ એટલે શું ?

વલણ વ્યક્તિના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે જીવનના દરેક પાસાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્પર્શે છે. વલણ અનુભવદત્ત, આંતરિક અને વ્યક્તિગત પરિબળ છે. દરેક વ્યક્તિ હકારાત્મક કે નકારાત્મક વલણ ધરાવી શકે છે, જે તેના બાળપણથી જ ઘડાતાં આવે છે.

૧. ''વલણ એટલે કોઈપણ વસ્તુ સંબંધે અમુક રીતે વિચારવાની, અમુક રીતે લાગણીથી જોવાની અને વર્તવાની પૂર્વસ્થાપિત વૃત્તિ હોય છે.''

**– ન્યુકોમ્બ**

૨. ‘‘વલણ એ માનસિક તત્પરતાની અવસ્થા છે, જે વ્યક્તિ સાથે સંબંધિત દરેક વસ્તુ અને પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયાઓ પર નિર્દેશાત્મક પ્રભાવ પાડે છે.’’

– બ્રિટ

૩. ‘‘વલણ એ મત કે વિચાર, રસ કે ઉદ્દેશની થોડીઘણી સ્થાયી પ્રવૃત્તિઓ છે, જેમાં કોઈ પ્રકારના પૂર્વજ્ઞાનની પ્રત્યક્ષતા અને યોગ્ય પ્રક્રિયાની તત્પરતાનો સમાવેશ થયેલો હોય છે.’’

**વલણનું સ્વરૂપ :**

→ વલણમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે.

→ વલણ જન્મજાત હોતાં નથી, તે વાતાવરણથી પ્રભાવિત હોય છે.

→ જુદીજુદી સંસ્કૃતિ ધરાવતા પ્રદેશના લોકોનાં વલણ જુદાં જુદાં હોય છે.

→ સામાન્ય રીતે, વલણ ઘડાયા બાદ લાંબા સમય સુધી સ્થાયી રહે છે, પરંતુ વલણ-પરિવર્તન શક્ય બને છે.

→ વલણ એક વ્યક્તિ, એક વસ્તુ કે સમૂહ પ્રત્યે હોઈ શકે છે.

→ બાહ્ય વસ્તુઓ પ્રત્યે હકારાત્મક કે નકારાત્મક સ્થિતિ છે.

→ મનોવલણ એ માનસિક તત્પરતા છે.

→ મનોવલણો ઘડાય છે, અનુભવથી બંધાય છે.

**હકારાત્મક વલણનું મહત્ત્વ :**

વ્યક્તિના જીવનમાં હકારાત્મક વલણનું આગવું મહત્ત્વ છે. વ્યક્તિનું હકારાત્મક વલણ અન્ય વ્યક્તિ સાથેનો વ્યવહાર સરળ બનાવે છે.

→ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે તંદુરસ્ત આંતરક્રિયા થાય છે.

→ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની આંતરક્રિયામાં પરિણામ હકારાત્મક મળે છે.

→ વ્યક્તિ-વ્યક્તિ કે વ્યક્તિ-જૂથ વચ્ચેની આંતરક્રિયામાં ગતિશીલતા આવે છે.

→ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે અને વ્યક્તિ અને જૂથ વચ્ચેના સંબંધોમાં સુધારો જોવા મળે છે.

→ વ્યક્તિ-વ્યક્તિ કે વ્યક્તિ અને જૂથ વચ્ચેનું વાતાવરણ સક્રિય બને છે.

→ વર્ગખંડ શિક્ષણમાં બાળકો અને શિક્ષકો વચ્ચે તંદુરસ્ત વિચાર-વિમર્શ થાય છે.

→ પ્રાથમિક શાળામાં આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ વચ્ચે હકારાત્મક વલણ ફળદાયી પરિણામ આપે છે. શાળાની ફળદાયી સિદ્ધિ પાછળ હકારાત્મક વલણ પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે અસરકારક ભાગ ભજવે છે.

## (A) શિક્ષક અને હકારાત્મક વલણ

શિક્ષણનું મુખ્યકાર્ય હકારાત્મક-વલણ ઘડતરનું છે. હકારાત્મક વલણ શિક્ષણ પ્રક્રિયાઓને વધારે તંદુરસ્ત અને ગતિશીલ બનાવે છે. વિદ્યાર્થીના વલણ-પરિવર્તન માટે શિક્ષકની પ્રેરણા અસરકારક માધ્યમ બની જાય છે.

→ વિદ્યાર્થીની ભ્રામક માન્યતાઓનું પરિવર્તન કરી શકાય છે.

→ શિક્ષક પોતાના હકારાત્મક વલણ દ્વારા વિદ્યાર્થીની વિચારધારાને બદલી શકે છે.

→ વિદ્યાર્થીમાં વલણ-પરિવર્તન માટે કે સારા વ્યક્તિત્વના નિર્માણ માટે શિક્ષકની ભૂમિકા મહત્ત્વની બની રહે છે.

→ શિક્ષક પોતાના વર્ગખંડમાં સારી-નરસી બાબતોનું વિશ્લેષણ રજૂ કરી, વિદ્યાર્થીમાં વલણ-પરિવર્તન લાવી શકે છે.

→ અત્રે એ બાબત નોંધનીય છે કે, જો શિક્ષક પોતે હકારાત્મક વિચારસરણી ધરાવતો હશે તો જ વિદ્યાર્થીમાં હકારાત્મક વલણનાં બીજ વાવી શકશે.

→ વિદ્યાર્થીને મન પોતાના શિક્ષક સમાન છે. આથી શિક્ષક જો પોતે હકારાત્મક હશે, તો વિદ્યાર્થીમાં આપોઆપ હકારાત્મક વલણ આત્મસાત્ થશે.

## મનોવલણનું ઘડતર :

હકારાત્મક કે નકારાત્મક મનોવલણો અનુભવપ્રાપ્ત છે, અને આસપાસના વાતાવરણ/સમાજમાંથી જ આપણે શીખીએ છીએ. તેથી મનોવલણ કઈ રીતે ઘડાય છે તે સમજીએ.

**૧. અંગત અનુભવ :**

વારંવાર થતા અંગત અનુભવથી મનોવલણ ઘડાય છે. દા.ત., જો કોઈ જૂથના વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા રહેતા હોય તો સમય જતાં એવું દૃઢ થઈ જાય છે કે આ વિદ્યાર્થીઓ ભણી શકશે જ નહિ. આ વિદ્યાર્થીઓ પણ સારી રીતે અભ્યાસ કરી શકશે તે સ્વીકારવા આપણે તૈયાર થતા નથી.

**૨. આઘાતજનક અનુભવ :**

જીવનમાં કોઈક આઘાતજનક અનુભવ મળે તો તેનું નકારાત્મક મનોવલણ ઘડાય છે.

**૩. અનુકરણ :**

વ્યક્તિ અન્ય વ્યક્તિના સંસર્ગમાં આવે છે અને તેનું અનુકરણ કરવાથી કેટલાંક મનોવલણો કેળવાય છે. દા.ત., શિક્ષક અમુક ધર્મ, જ્ઞાતિ કે સિદ્ધાંત વિષે વર્ગમાં ટીકા કે વખાણ કરે તે પ્રમાણે વિદ્યાર્થીનું વિરોધી કે તરફેણનું વલણ કેળવાય છે.

**૪. સમાજમાં પ્રચલિત મનોવલણો :**

કેટલાંક મનોવલણો આપણા જૂથમાં, સમાજમાં પ્રચલિત મનોવલણોમાંથી સ્વીકારેલાં હોય છે.

**૫. અન્ય વ્યક્તિઓ સાથેની આંતરક્રિયા :**

નાનપણમાં કોઈક વર્ગનાં લોકો પ્રત્યે પૂર્વગ્રહ બંધાયો હોય, પરંતુ મોટપણે શાળા-કૉલેજમાં તે વર્ગના વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંસર્ગમાં આવવાની તક મળે છે. આ આંતરક્રિયાને પરિણામે પૂર્વગ્રહના સ્થાને સ્વીકારનું વલણ કેળવાય છે.

**૬. મનોવલણના ઘડતરમાં કુટુંબનો ફાળો :**

એ સ્વાભાવિક છે કે મા-બાપ પોતાના ગમા-અણગમા, અભિરુચિ, આકાંક્ષા, પૂર્વગ્રહો વગેરેનું પ્રક્ષેપણ પોતાનાં બાળકોમાં કરે છે. બાળક પોતાનાં મા-બાપ સાથે ગાઢ તાદાત્મ્ય ધરાવતું હોય છે અને પોતાનાં મા-બાપને જ પ્રેરક તરીકે જોતું હોય છે.

## મનોવલણમાં પરિવર્તન :

મનોવલણનું ઘડતર તેમ જ પરિવર્તનની પ્રક્રિયા આપોઆપ થતી નથી, એને માટે આંતર, વ્યક્તિગત સંબંધોની જરૂર છે. પરિણામે આ પ્રક્રિયામાં આંતરિક ઉપરાંત બાહ્ય ઘટકો પણ ભાગ ભજવે છે. આંતરિક ઘટકોમાં વ્યક્તિનાં પ્રેરણો, આદર્શો, જરૂરિયાતો વગેરેનો સમાવેશ થાય છે. જે પરિબળો મનોવલણ રચે છે એ જ પરિબળો પરિવર્તન પણ લાવે છે.

ચલચિત્રો, આંતરક્રિયા તેમ જ જૂથચર્ચા દ્વારા પણ મનોવલણમાં પરિવર્તન થાય છે.

મનોવલણમાં બદલાવ એ સંકુલ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. નીચેના જેવી અનેક બાબતો પ્રવૃત્તિઓ-પરિબળો લાંબા ગાળા દરમિયાન મનોવલણ-પરિવર્તન માટે અસરકારક ભાગ ભજવી શકે છે.

→ પ્રવચન – વ્યાખ્યાનો

→ અનુભવ

→ ફિલ્મો-વાર્તાઓ (સંગીત-નાટક-સાહિત્ય)

→ માસ-મીડિયા-પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિક મીડિયા (પ્રસાર માધ્યમમાં)

→ વિવિધ ઘટનાઓ-પ્રસંગો

→ ભૌતિક પરિવર્તનો

→ સામાજિક સાંસ્કૃતિક પરિવર્તન

→ મુલાકાત-આંતરક્રિયા

→ પુસ્તકો (નવલકથા, નવલિકા, વાર્તાઓ)

# ઑફ એર દરમિયાન કરવાની પ્રવૃત્તિઓ :

**પ્રવત્તિ : (૧) નીચેના ફકરાનું વાચન કરો.**

(૧) માનાભાઈ એક શિક્ષક છે. તેઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. તેમનો બાપદાદાનો વ્યવસાય પશુપાલનનો છે. તેઓ સમાજસેવા સાથે જોડાયેલા છે. તેઓને અવાર-નવાર બહાર જવાનું થાય ત્યારે અવનવી ચીજવસ્તુઓ, પુસ્તકો, માનચિત્રો વગેરે ખરીદી લાવે છે. માનાભાઈ આ ચીજવસ્તુઓ, પુસ્તકો, માનચિત્રો કે અન્ય સાધન-સામગ્રીનો ઉપયોગ તેમના જીવન વ્યવહારમાં કરે છે.

હવે અહીં નીચે આવી કેટલીક ચીજવસ્તુઓ આપેલ છે. જો માનાભાઈની જગ્યાએ તમે હો તો આ ચીજવસ્તુઓ, પુસ્તકો, માનચિત્રોનો ઉપયોગ એક શિક્ષક તરીકે, એક સમાજસેવક તરીકે, અને કુટુંબના વ્યવસાયકાર તરીકે કેવી રીતે કરશો ?

૧. નકશો (જિલ્લો, રાજ્ય, દેશ અને દુનિયાના રાજકીય નકશા)

૨. ચોકલેટ

૩. ઊનની બનાવટવાળી વસ્તુઓ

૪. ઘડિયાળ

૫. હોકાયંત્ર

૬. સમાચારપત્રો (વિશેષાંક)

૭. સામયિકો (સફારી, વિજ્ઞાનદર્શન, અભિયાન, ચાંદામામા, ચંપક, ચિત્રલેખા)

૮. પ્રવાસ-પર્યટન (પ્રવાસ બાદ કરેલ પ્રવાસવર્ણનની નોંધ)

૯. ગાંધીજીની આત્મકથા

૧૦. પ્રવાહી માપવાનાં વિવિધ માપિયાં

૧૧. ભરત-ગૂંથણની વસ્તુઓ

**પ્રવૃત્તિ કેવી રીતે કરશો :**

સૌપ્રથમ ઉપરોક્ત ફકરાનું વાચન કર્યા બાદ, આપેલ ચીજવસ્તુઓ પુસ્તકો વગેરેનાં નામ કાગળ પર લખો. બાદમાં નોંધાયેલ વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે કરશો તેની અલગ કાગળમાં નોંધ કરાવીને તેની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ (૨) આપેલ સૂચના મુજબ પ્રવૃત્તિ કરો :**

- સૌપ્રથમ તમારા વર્ગમાં બધા જ તાલીમાર્થીઓને ખોરાક, પ્રાણી અને રંગોનાં નામની યાદી બનાવવાનું કહો.
- યાદી બની ગયા બાદ એકત્ર કરો.
- યાદી મેળવ્યા બાદ તાલીમાર્થીઓને એક અલગ કાગળમાં તમને ગમતા અને તદ્દન ન ગમતા ખોરાક, રંગો અને પ્રાણીઓની યાદી બનાવવાનું જણાવો.
- યાદી બની ગયા બાદ મેળવી લો.

હવે બંને યાદી મેળવી લીધા બાદ તમારે ચકાસવાનું છે કે

વિધાન-૧ ● 'કોઈ પણ સૂચના ના હોય અને યાદી બનાવવાની હોય ત્યારે વ્યક્તિ શરૂઆતમાં પોતાને ગમતા રંગો, ખોરાક અને પ્રાણીઓનાં નામ લખે છે.

→ આ વિધાન ચકાસવા માટે હવે તમે સૂચના આપ્યા બાદ બનાવેલ બીજી યાદી ચકાસો.

વિધાન-૨ ● સૂચના મળવાથી બીજી યાદી ગમતાં અને તદ્દન ન ગમતાં રંગો, ખોરાક અને પ્રાણીઓની યાદી ક્રમમાં બનાવે છે.

આ બંને વિધાનને ધ્યાનમાં રાખીને બંને યાદીને સરખાવશું તો જોવા મળશે કે વ્યક્તિ સૂચના વગર પોતાને જે ગમતી બાબત હોય તેને પ્રથમ સ્થાન આપે છે. જે બાબત બીજી યાદીમાં આપેલ વસ્તુઓ સૂચના મળતાં બનાવેલ છે તેની સાથે લગભગ મળતી આવે છે.

આમ વિધાન-૧ મુજબ વ્યક્તિ સ્વાભાવિકપણે જે ગમતું હશે તેની પ્રથમ પસંદગી કરે છે. આ વલણ પર વર્ગમાં હકારાત્મક વલણની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ (૩) નીચેના ફકરાનું વાચન કરો :**

જગદીશ નામનો વિદ્યાર્થી જૂન માસમાં શાળામાં દાખલ થાય છે. નિયમિત શાળાએ આવે છે. વર્ગશિક્ષિકાબહેન જગદીશને ગમે છે. તેમની સાથે કાલી-કાલી ભાષામાં વાતો કરે છે. વર્ગખંડની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. પહેલા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ બીજા વર્ગમાં અડધેથી અભ્યાસ છોડી દે છે. જગદીશ શાળાએ સતત ગેરહાજર રહેતાં વર્ગશિક્ષક જગદીશની ગેરહાજરી માટે અભ્યાસ કરીને કેટલાંક કારણો શોધે છે. આ કારણોને આધારે શિક્ષકશ્રી કાર્યવાહી કરે છે. પણ સફળતા મળતી નથી. તેમણે તારવેલ કારણો નીચે મુજબ છે. જો તમે જગદીશના વર્ગશિક્ષક હોય તો તમે કેવી રીતે કાર્ય કરશો ? તમે કેવા કેવા પ્રયાસો કરશો તેની નોંધ અલગ કાગળમાં કરો.

(૧) વર્ગખંડમાં ભણવું ગમતું નથી.

(૨) વાલીનું સ્થળાંતર

(૩) શાળાની બહાર રહેવું ગમે છે.

(૪) ઘરકામમાં મદદ કરવી પડે છે.

(૫) વિદ્યાર્થી તોફાન કરે છે. શિક્ષક તેને બોલે છે.

(૬) વિદ્યાર્થી વર્ગખંડમાં શિક્ષક જે પ્રવૃત્તિ કરાવે છે તે કરતો નથી પણ પોતાને ગમતી પ્રવૃત્તિ કરે છે.

(૭) વિદ્યાર્થી ચાલુ શિક્ષણકાર્ય દરમિયાન બીજા વર્ગમાં ચાલ્યો જાય છે.

**પ્રવૃત્તિ (૪) :**

એક વર્ગખંડના વિદ્યાર્થીના વર્તન-વ્યવહાર પર અભ્યાસ કરવામાં આવ્યો. અભ્યાસ કરનારાઓએ જે તારણો કાઢ્યાં તે નીચે મુજબ છે. બાળકના વાલી તરીકે અને વર્ગશિક્ષક તરીકે તમે કેવાં હકારાત્મક વલણો અપનાવો તો બાળકના વર્તન-વ્યવહારમાં ઇચ્છિત ફેરફાર લાવી શકો તે કાગળમાં નોંધો.

**બાળકના વર્તન-વ્યવહારનાં તારણો**

(૧) બાળકો શૈક્ષણિક સાધનો બનાવવામાં ઉદાસીન જણાય છે.

(૨) કેટલાંક બાળકો શાળાએ મોડાં આવે છે.

(૩) શાળાની દીવાલો પર બીભત્સ લખાણ લખે છે.

(૪) કેટલાંક બાળકો ચોરી કરે છે.

(૫) ગૃહકાર્ય લાવતાં નથી.

(૬) ગણવેશમાં આવતાં નથી.

(૭) એક-બીજા બાળકને ખીજવે છે.

(૮) પ્રગતિપત્રકમાં કોઈની પણ સહી કરાવતાં નથી.

(૯) પોતાની ભૂલ દબાવવા વારંવાર જુઠ્ઠું બોલે છે.

(૧૦) નાના બાળકને ધમકાવે છે.

ઉપરોક્ત તારણો મુજબ બાળકના વર્તન-વ્યવહારમાં સુધાર લાવવા તમે કયાં કયાં હકારાત્મક વલણ અપનાવશો તે કાગળ પર નોંધો.

**પ્રવૃત્તિ (૫) :**

નીચે કેટલાક સંવાદો આપેલ છે. સંવાદોનું વાચન કર્યા બાદ તમારે શું કરવું અને શું ન કરવું ! તે હકારાત્મક રીતે વિચારીને કાગળમાં નોંધો અને ચર્ચા કરો.

(૧) ‘‘મને ખબર છે ભિખ્ખુ, કે તેં ઘણું બધું ગૃહકાર્ય કરી લીધું છે. પણ હજુ પણ થોડું કરવું પડશે.’’

‘પપ્પા, હું હવે એક પણ અક્ષર લખવાનો નથી.’

‘જો તારે રાત્રે ટી.વી. જોવું હોય તો, ગૃહકાર્ય હું કહું તેટલું કરવું પડશે.’

‘પણ પપ્પા હું ટી.વી.માં કાર્ટૂન ફિલ્મ જ જોઈશ.’

‘એ નહિ ચાલે, ટી.વી. જોઈશ તો ભણવાનું બાકી રહી જશે.’

(૨) ‘વિનુ તું બહાર જતો હોય, તો સ્વેટર પહેરીને જજે.’

‘કેમ ?’

'જો તારું શરીર સાવ નાજૂક છે, શરદી થઈ જશે.'

'ના, મને શરદી નહિ થાય.'

'મને ખબર છે કે તને શરદી થઈ જશે. પછી તારે શાળાએ જવાનું બંધ થશે, બે અઠવાડિયાં પછી પરીક્ષા આવે છે. એનું શું ?'

'પણ મમ્મી મારો એક મિત્ર પ્રદર્શન જોવા જાય છે. મારે તેની સાથે જવું છે.'

'ના, આપણે પ્રદર્શન જોવું નથી, ઘેર રહે.'

(૩) 'દશરથ, ચિત્ર દોરવાનું બંધ કરી દે, ચાલ ખાઈ લે.'

'મારે હાલ ખાવું નથી.'

'ભાઈ, તું ખાઈ લે, ત્યાર પછી અમારે બીજું કામ થાય.'

'હું પણ ચિત્રકામ જ કરું છું.'

'એ કામ પછી કરજે. મારે બહાર જવું છે.'

(૪) 'સાહેબ અમે રમવા જઈએ.'

'ગોપાળ જો તમારે રમવા જવું હશે, તો ધક્કામૂકી કરતાં નહિ.

'સારું.'

(૫) 'મમ્મી, હું આજે મારી બહેનપણીના ઘેર રોકાઈ જઈશ.'

'જો બેટા તું ત્યાં રોકાઈ જઈશ તો તારું એસાઇન્મેન્ટ લખવાનું રહી જશે.'

'પણ મમ્મી, આજે હું અને મારી બહેનપણી એક નાટકનું રિહર્સલ કરવાનાં છીએ.'

'નાટકનું પછી પણ થશે, પણ આ એસાઇન્મેન્ટનું શું ?'

**પ્રવૃત્તિ (૬) નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ?:**

તમારા વર્ગખંડનાં ચાર વિદ્યાર્થીઓ જુદીજુદી માનસિક પરિસ્થિતિમાં છે. એટલે કે તેમણે માનસિક તણાવનો અનુભવ કર્યો છે. જે નીચે મુજબ છે. એક શિક્ષક તરીકે તમે આ વિદ્યાર્થીઓને માનસિક તણાવમાંથી બહાર કાઢવા શું કરશો ?

(૧) એક વિદ્યાર્થીનાં મા-બાપનો લગ્નવિચ્છેદ થયો છે. વિદ્યાર્થી પિતાની પાસે રહીને શાળાએ આવે છે. વિદ્યાર્થી શાળામાં આખો દિવસ ગમગીન રહે છે.

(૨) એક વિદ્યાર્થીનું કુટુંબ દારુણ ગરીબીમાંથી પસાર થઈ રહ્યો છે. વિદ્યાર્થી જ્યારે શાળામાં આવે છે, ત્યારે અન્ય વિદ્યાર્થી સાથે તાદાત્મ્ય સાધવામાં નિષ્ફળ જાય છે.

(૩) વર્ગખંડમાં એક વિદ્યાર્થી એવો છે કે જેની વ્હાલસોયી બહેનનું મૃત્યુ થયેલ છે. વિદ્યાર્થીની બહેનનું મૃત્યુ થવાથી તે વર્ગમાં વારંવાર રડે છે.

(૪) એક વિદ્યાર્થી સંયુક્ત કુટુંબમાં રહે છે. તેના ઘરનાં બધાં જ સભ્યો વારંવાર ઝઘડતાં હોય છે. વિદ્યાર્થી કાયમ આ ઝઘડો જોતો હોય છે. શાળામાં આવે ત્યારે તે વારંવાર સાથી મિત્રો ઉપર ગુસ્સે થાય છે.

**પ્રવૃત્તિ (૭) ત્યારે તમે શું કરશો ? કેમ ?:**

નીચે કેટલાક સંવાદો આપ્યા છે. આ સંવાદમાં ક્યાંક વિદ્યાર્થી જિદ્દ કરે છે. ક્યાંક અણગમો વ્યક્ત થાય છે. ક્યાંક તેનો રસભંગ થાય છે. તમે આ પરિસ્થિતિમાં શું કરશો ? તેની ચર્ચા કરીને અલગ કાગળમાં નોંધો.

(૧) 'અમદાવાદ ?' દસ વર્ષની હેપીએ પૂછ્યું.

'હા, અમદાવાદ. તારા પપ્પાની બદલી થઈ છે.' માતાએ જવાબ આપ્યો.

'પણ, મમ્મી અમદાવાદમાં આપણને કોઈ ઓળખતું નથી. ત્યાં મારા મિત્રો – રાજ, નેહલ અને બ્રિજેશા ક્યાં છે ? હું અમદાવાદ નહિ આવું !'

'બેટા, આપણી બદલી થઈ છે એટલે ત્યાં રહેવા જવું પડશે.'

'ના, હું ત્યાં તો નહિ જ આવું.'

(૨) 'બાળમિત્રો, આજે આપણે રંગપૂરણી કરશું.'

'સાહેબ, તમે તો ગઈકાલે નદીકિનારે ફરવા જવાનું કહેતા હતા.'

'હા, હું કહેતો હતો, પણ હવે આપણે જવાનું નથી.'

'સાહેબ, અમને નદીકિનારે લઈ જાઓ ને ?'

'નહિ.'

'ઠીક, સાહેબ તમને યોગ્ય લાગે તે.'

(૩) 'બાળકો શું કરો છો ?'

'સાહેબ ટી.વી. ઉપર કાર્ટૂન ફિલ્મ જોઈએ છીએ.'

'ચાલો ટી.વી. બંધ કરો, આપણે ગણિતના દાખલા ગણીએ.'

'સાહેબ, દાખલા પછી ગણાવજો, પહેલાં ટી.વી. જોવા દો ને ?'

'ના, પછી દેખજો, ચાલો, ટી.વી. બંધ કરી દો.'

(૪) 'બાળકો, આવતી કાલે રવિવાર છે, રવિવારના દિવસે છાપામાંથી તમને ગમતાં ચિત્રો કાપીને સંગ્રહ કરીને લાવશો ?'

'સાહેબ, કાલે તો અમારે મેચ રમવા જવાનું છે.' રાજ બોલ્યો.

'સાહેબ, મેચ પછી અમારે પિકનિકમાં જવાનું છે.'


'ઠીક છે, પણ સંગ્રહપોથી બનાવશો.'

**પ્રવૃત્તિ (૮) નીચે આપેલા વિષય ઉપર તમારા વર્ગમાં સેમિનાર પદ્ધતિથી 'ડિબેટ' યોજો :**

- વિષય : **'બાળગીત અને બાળવાર્તાથી બાળકોને પ્રવૃત્તિમય અને આનંદદાયી શિક્ષણ આપી શકાય છે.'**

**સેમિનાર પદ્ધતિની રીત :**

પ્રથમ બે જૂથ બનાવો, બંને જૂથનાં નામ આપી દો. જૂથના નેતા નીમો. સેમિનાર સભાના એક અધ્યક્ષની નિમણૂક કરો. સેમિનારની બેઠકમાં સૌથી ઉપર અધ્યક્ષનું સ્થાન રાખો. અધ્યક્ષની બાજુમાં (ડાબી અને જમણી બંને બાજુ) રિપોર્ટ લખનાર બે મિત્રોને બેસાડો. નીચે આકૃતિ અનુસાર બેઠક વ્યવસ્થા કરશો.




ઉપર મુજબ બેઠક વ્યવસ્થા કર્યા બાદ આપેલ વિષય ઉપર બંને જૂથને ચર્ચા કરવાનું જણાવો.

બંને જૂથમાંથી એક જૂથે વિષયની હકારાત્મક બાબતની ચર્ચા કરવાની રહેશે. જ્યારે બીજા જૂથના સભ્યોઓ વિષયની નકારાત્મક બાબતની ચર્ચા કરશે. બંને જૂથના સભ્યો ચર્ચામાં જે જે મુદ્દાઓ રજૂ કરે તે તેમના જૂથના રિપોર્ટર નોંધ કરે. કોઈપણ રજૂઆત કરતાં પહેલાં જૂથના નેતાની પરવાનગી મેળવીને બોલવું, કોઈપણ રજૂઆત અધ્યક્ષને સંબોધીને કરવી. ચર્ચાના અંતે બંને પક્ષની દલીલો સાંભળીને અધ્યક્ષ ઉપર આપેલ વિષય(વિધાન)માં જણાવેલ હકીકત સાચી છે કે નહિ તે જણાવશો.

**નોંધ :** અહીં આગળ આ પ્રવૃત્તિમાં આપણે હકારાત્મક વલણ ધરાવવા શું કરવું જોઈએ તે જાણવું છે.

## ચર્ચાપત્ર : ૧ (શિક્ષક-વિદ્યાર્થીના સંદર્ભમાં)

૧. વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક થવા માટે તમે કઈ કઈ પ્રયુક્તિ અપનાવો છો ?
૨. સાથી શિક્ષકો તમારાં સલાહ-સૂચનો સ્વીકારે અને તમને માન આપે તે માટે તમે કેવી રીતે વર્તો છો ?
૩. મને શા માટે મારા વિદ્યાર્થીઓ, મારી શાળાના વિકાસ માટે રસ છે ?
૪. મને શા માટે મારા શૈક્ષણિક કાર્યથી સંતોષ છે ?
૫. મને શા માટે લાગે છે કે મારી જાત સાથેનું વલણ હકારાત્મક છે ?
૬. વર્ગમાં ભિન્નતા ધરાવતા દરેક વિદ્યાર્થીને હું શિક્ષક તરીકે સ્વીકારું છું, કારણ કે...
૭. મને લાગે છે કે વર્ગખંડના વિદ્યાર્થીઓ સાથે મારે સાયુજ્ય (તાદાત્મ્ય) સારું રાખવું જોઈએ.

## ચર્ચાપત્ર-૨ (શિક્ષકના સંદર્ભમાં)

૧. જો શિક્ષકને વિશ્વાસ હોય કે તેના વર્ગના વિદ્યાર્થીઓ શીખી શકે છે તો તેઓ શીખશે, કારણ કે...
૨. શિક્ષકનું કોઈ વિષય પ્રત્યેનું વલણ બાળકને તે વિષય શીખવા પર અસર કરે છે, કારણ કે....
૩. વિદ્યાર્થીઓની રુચિનું ધ્યાન શિક્ષકે રાખવું જોઈએ, કારણ કે....
૪. વર્ગખંડમાં શિક્ષકનું વલણ અભ્યાસ પૂરો કરવા તરફ તેમ જ બાળકોને સમજવા તરફ હોય છે, કારણ કે....
૫. વિદ્યાર્થીએ ભૂલ શા માટે કરી તે અંગે શિક્ષકે વિચારવું જોઈએ...
૬. શિક્ષક તો કાર્ય કરવા ઇચ્છે જ છે, કારણ કે....

## ચર્ચાપત્ર : ૩ (વર્ગખંડ શિક્ષણ પ્રક્રિયાના સંદર્ભમાં)

૧. વર્ગખંડ શિક્ષણની પ્રક્રિયા દરમિયાન હકારાત્મક સુદઢકોનો જ ઉપયોગ કરવો જોઈએ.
૨. વર્ગખંડ શિક્ષણપ્રક્રિયા દરમિયાન તમારા વર્ગખંડના બે-ત્રણ વિદ્યાર્થીઓ અન્ય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?
૩. વર્ગખંડ શિક્ષણની પ્રક્રિયા દરમિયાન બને ત્યાં સુધી નકારાત્મક સુદઢકો ટાળવા જોઈએ. તેવું મને લાગે છે.

૪. વર્ગખંડ શિક્ષણપ્રક્રિયા દરમિયાન શિક્ષકે વિદ્યાર્થીઓનું અવલોકન કરતા રહેવું જોઈએ ? શા માટે ?
૫. વર્ગખંડ શિક્ષણપ્રક્રિયા દરમિયાન વર્ગના બે-ત્રણ વિદ્યાર્થીઓ તમે પૂછેલ પ્રશ્નોના અધૂરા કે ખોટા ઉત્તરો આપે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?
૬. વર્ગખંડ શિક્ષણપ્રક્રિયા દરમિયાન શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે તંદુરસ્ત આદાન-પ્રદાન થવું જોઈએ. એ માટે તમે શું કરશો ?
૭. વર્ગખંડ શિક્ષણપ્રક્રિયા દરમિયાન હકારાત્મક શિક્ષક તરીકે આપ કઈ-કઈ બાબતોની કાળજી રાખશો ? યાદી તૈયાર કરો.

### ચર્ચાપત્ર : ૪ (શિક્ષક-વાલી અને સમાજનાં સંદર્ભમાં)

૧. શિક્ષક સમાજનો અભિન્ન અંગ છે. કારણ કે........................
૨. ગામડામાં રહેનાર ગરીબ વ્યક્તિ માટે બાળકોને શાળામાં મોકલવાનું શું કારણ હોઈ શકે ?
૩. શિક્ષકોને વાલી સંપર્ક દ્વારા મળતી માહિતી ક્યાં અને કેવી રીતે ઉપયોગી થાય છે ?
૪. તમારાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જો જુદાં જુદાં ક્ષેત્રમાં કારકીર્દિ બનાવવી હોય તો તેનું નામ, વ્યવસાય અને તમને થતી સંતોષ અને ગર્વની લાગણીની યાદી બનાવો.
૫. વિદ્યાર્થીના પરિવાર કે શાળાના વિસ્તારમાં બનતી દુઃખદ ઘટના (અકસ્માત, બિમારી, મૃત્યુ) વખતે શિક્ષકે ત્યાં હાજરી આપવી જોઈએ કારણ કે
૬. વિદ્યાર્થીના પરિવાર કે શાળાનાં વિસ્તારમાં યોજાતા સારાં પ્રસંગોએ (લગ્ન, જન્મદિવસ) શિક્ષકે ત્યાં હાજરી આપવી જોઈએ કારણ કે........................
૭. દરેક વિદ્યાર્થીના વાલી તમારી સાથે નિઃસંકોચ રીતે વાતચીત, ચર્ચા-વિચારણા કરે તે માટે તમે કઈ પ્રવૃત્તિ અપનાવો છો ?
૮. સાથી શિક્ષકો તમારાં સલાહ-સૂચન સ્વીકારે અને તમને માન આપે તે માટે તમે કેવી રીતે વર્તો છો ?

## સંદર્ભગ્રંથો

૧. શિક્ષણના મનોવૈજ્ઞાનિક આધારો – ડૉ. મોહિની આચાર્ય
પ્રકાશક : અક્ષર પબ્લિકેશન, અમદાવાદ
૨. સમાજલક્ષી માનસશાસ્ત્ર – ડૉ. બી. એ. પરીખ, પ્રકાશક : પોપ્યુલર પ્રકાશન, સુરત
૩. શિક્ષણસુધા મૅગેઝિન (ડિસેમ્બર-૨૦૦૯નો અંક) રાજકોટ
૪. Excellence in Educaation – For Diet and Gcert
(A.M.A. and Gcert, Gandhinagar)
૫. તમારા બાળકને કેવી રીતે કહેશો ? – ડૉ. પૉલ કોલેમન અનુ. નિલિમા શાહ
(પ્રકાશક : એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન)

**હકારાત્મક-નકારાત્મક વલણ ધરાવતી વ્યક્તિના વિચારો**

| હકારાત્મક | નકારાત્મક |
|---|---|
| → સમાધાનકારી વિચારો છે | → સમસ્યા ઊભી કરવાના વિચારો છે. |
| → કંઈક નવું કરવા – નવું સર્જન કરવાના આયોજનોના વિચારો. | → સારું ન કરવાના, બહાનાં શોધવાના તેમ જ કંઈક તોડફોડના વિચારો. |
| → સમસ્યા માટે સમાધાનકારી વિચારો. | → સમાધાનકારી બાબતોમાં સમસ્યા ઊભી કરવાના વિચારો. |
| → કાર્ય મુશ્કેલ છે, પણ અસંભવ નથી તેવા વિચારો | → કાર્ય અસંભવ છે તેવા જ વિચારો. |
| → ભૂલને સ્વીકારવાના વિચારો | → ભૂલને ન સ્વીકારવાના વિચારો. |
| → ચોક્કસ કાર્ય કરવાના જ વિચારો | → કાર્યના વાયદા કરવાના જ વિચારો. |
| → તકને જોવાના વિચારો | → તકલીફોને જ જોવાના વિચારો |
| → શક્ય છે તેના જ વિચારો | → શક્ય નથી તેના જ વિચારો. |
| → નમ્રતાથી દલીલો રજૂ કરવાના વિચારો | → આક્રમકતાથી દલીલો કરવાના વિચારો. |
| → પોતાની ભૂલ માટે જાગૃતિ; વિચારો અને અન્યની ભૂલ માટે સમાધાનકારી વિચારો. | → પોતાની ભૂલ માટે સમાધાનકારી વિચારો, જ્યારે અન્યની ભૂલો માટે નકારાત્મક વિચારો. |

(સાભાર : શિક્ષણસુધા – મૅગેઝિન)
ડિસેમ્બર, ૨૦૦૯

P – Polite – વિનમ્ર

E – Effective – કાર્યદક્ષ

R – Racy – ઉત્સાહી

S – Smart look – આકર્ષક દેખાવ

O – Orator – સારો વક્તા

N – Noble – ખાનદાન

A – Adorable – માન આપવા યોગ્ય

L – Leadership – નેતૃત્વ

I – Intelligent – બુદ્ધિશાળી

T – Tectful – વ્યવહારકુશળ

Y – 'Yes' to chalenge – પડકાર ઝીલનાર

* If you think you can, or you think you Can't You're right !

– Henry Ford

* Negative attitude Says : You Can not achive Success.

Positive attitude Says : You Can achive Success.

**કેળવણીમાં સૌથી મોટું પ્રેરકબળ હોય તો એ છે – વિદ્યાર્થીને એમ લાગવું જોઈએ કે તેને સફળતા મળી શકશે.**

**– બર્ટ્રાન્ડ રસેલ**